Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ।।१।।

पु. १६. } वीर सं. २४४५-वैशाख आत्म सं. २३ } अंक १० मो.

प्रकाशक-श्री जैन आत्मानन्द सभा-भावनगर.

વિષયાનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | શ્રી જિનરાજ સ્તુતિ ... | ... ૨૩૭ |
| ૨ | કેટલાક પ્રસ્તાવિક શ્લોકો | ... ૨૩૮ |
| ૩ | સાંયકાલે વનશ્રી ... | ... ૨૩૯ |
| ૪ | ઇન્દ્રિયાદિ વિકારનિરોધ કુલક વ્યાખ્યા | ૨૪૦ |
| ૫ | ઇરિયાવહીય કુલક વ્યાખ્યા. | ... ૨૪૧ |
| ૬ | સત્ય મિત્રતાનું સ્વરૂપ ... | ... ૨૪૩ |
| ૭ | જૈન કોમમાં સ્ત્રી કેળવણીની જરૂર. | ૨૪૮ |
| ૮ | શ્રીમદ્ આનંદઘનજીના પદનો અનુવાદ. | ૨૪૯ |
| ૯ | મનુષ્યની બાલ્યાવસ્થા ... | ... ૨૫૦ |
| ૧૦ | સમાજ ઉન્નતિ માટે સમયે સમયે ફેરફાર કરવાની જરૂર છે? | ... ૨૫૪ |
| ૧૧ | પ્રકીર્ણ ... ... | ... ૨૬૩ |
| ૧૨ | વર્તમાન સમાચાર ... | ... ૨૬૫ |
| ૧૩ | ગ્રંથાવલોકન ... | ... ૨૬૬ |


REGISTERED No. B. 431

To

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિત્તે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અનેનવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણુ પ્રકારી પૂજા બે શ્રીમદ્‌વીર વિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત દાખલ કરવાતાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, સાથે યાત્રાના પર્વ દિવસોનું વર્ણન પણ આપવામાં આવેલ છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છાપવામાં આવેલ છે. ટાઇટલ (પુંઠુ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કિંમત ઓછી રાખવામાં આવેલ છે. કિંમત ચાર આના પોસ્ટેજ જુદું અમારે ત્યાંથી મળી શકશે.

---

## શ્રી આત્મ—કાન્તિ પ્રકાશ.

જેમાં ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરી કૃત બાર ભાવના, અનેક તીર્થોના વિવિધ સ્તવનો, સ્તુતિઓ, અને સજ્ઝાયોનો સંગ્રહ તથા વિવિધ સ્તવન મધુર રાગરાગીણિથી બનાવેલ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ તથા શ્રીમાન્ મુનિરાજ વલ્લભવિજયજી કૃત સંગ્રહ આ ગ્રંથમાં છે. સાથે નવીન સુંદર શ્રી પંચતીર્થની પૂજા શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજ કૃત પણ દાખલ કરવામાં આવેલ છે, તમામ પદો, સ્તવનોની રચના આલ્હાદ ઉત્પન્ન કરે તેમજ પ્રભુ ભક્તિમાં પ્રેમ ઉપજાવે તેવી છે. નિર્ણયસાગર પ્રેસમાં, શાસ્ત્રી ટાઇપમાં ઉંચા કાગળ ઉપર છપાવી અને કપડાની સુશોભીત બાઈંડીંગથી ગ્રંથને અલંકૃત કરવામાં આવેલ છે. ગ્રંથના પ્રમાણમાં કિંમત ઘણી ઓછી. રૂા. ૦—૪—૦ માત્ર રાખી છે. પોસ્ટેજ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| શ્રી નંદુબાઇ જૈન શ્રાવિકાશાળા. | પ્રભાસપાટણ. | બી. વ. લાઇફ મેમ્બર. |
| શ્રી જૈન જ્ઞાનવર્ધક શાળા. | વેરાવળ. | બી. વ. લાઇફ મેમ્બર. |

---

## પુસ્તક પહોંચ.

| | | |
|---|---|---|
| જીવ વિચાર. પ્રકરણ સાથે સાવસુરિ. | શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. | મેસાણા. |
| શ્રી મૃગસુંદરી કથા. | મુનિશ્રી પદ્મવિજયજી મહારાજ. | ધુળીઆ. |

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४५, वैशाक. आत्म संवत् २३. [ अंक १० मो.

## श्री जिनराज स्तुति.

( હરિગીત. )

જીનરાજ જયકારી સદા કૈવલ્યને ધારણ કરે,
વિકારને કરી વેગળા વિમળ પદે વળી વિહરે;
સંયમતણા આધાર જે અઘઓઘને લે છે હરી,
તે જીનનું યાચું શરણ શુભ ભાવથી મનને ભરી.

વિ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લે૦ રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ( ભાવનગર ).

( ગતાંક પૃષ્ઠ ૨૧૩ થી ચાલુ. )

**काकस्य गात्रं यदि काञ्चनस्य माणिक्यरत्नं यदि चञ्चुदेशे ।**
**एकैकपक्षे ग्रथितं मणीनां तथापि काको न तु राजहंसः ॥**

( મંદાક્રાંતા )

આખે અંગે કનક સરખો ઓપ રૂડો ચડાવો,
મોતી પન્ના મનહર મણી ચાંપ માંહે જડાવો;
પાંખે પાંખે અમુલ નિલમો ને મઢાવો જ હીરા,
તોયે થાયે કદિક પણ શું કાગ તે હંસ વીરા ?

**अशनं मे वसनं मे जाया मे बन्धुवर्गो मे ।**
**इति मे मे कुर्वाणं कालवृको हन्ति पुरुषाजम् ॥**

( રૂચિરા છંદ )

મારૂં ભોજન મારાં વસ્ત્રો, તન, ધન, જન આ મારા રે,
સગાં સહોદર સુત આ મારા મારી છે આ દારા રે;
મેં મેં કરતાં માનવ મેંઢા, એમજ વય વહી જાશે રે,
કાળ વરૂ વિકરાળ આવીને ક્ષણમાં ઝડપી ખાશે રે.

**अयि बत गुरुगर्वं मा स्म कस्तूरि यासी,**
**रखिलपरिमलानां मौलिना सौरभेण ।**
**गिरिगहनगुहायां लीनमत्यंतदीनम्,**
**स्वजनकममुनैव प्राणहीनं करोषि ॥**

( માલિની )

સકલ પરિમલોમાં શ્રેષ્ઠ સૌગંધી તારી,
નિરખી ધર ન તું, હે કસ્તુરી ! ગર્વ ભારી;
ગિરિ વિપિન ‘ગુહામાં રે’ સદા દીન ભાવે,
તદપિ નિજ પિતાનો ઘાત તું તો કરાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मात्रा स्वस्रा दुहित्रा वा न विविक्तासनो भवेत् ।**
**बलवानिंद्रियग्रामो विद्वांसमपि कर्षति ॥**

( અનુષ્ટુપ્ ).

મા બેન કે સુતા સંગે, બેસો ના કદિ એકલા;
ઇંદ્રિયોના મહા વેગે, ભુલ્યા છે જન ભલભલા.

**अप्सु प्लवन्ते पाषाणा मानुषा घ्नन्ति राक्षसान् ।**
**कपयः कर्म कुर्वन्ति कालस्य कुटिला गतिः ॥**

( લલિત છંદ ).

ઉદધિમાં અહો ! પર્વતો તર્યા, મનુજથી મહા રાક્ષસો મર્યા;
કુશળ યુદ્ધમાં વાનરો અતિ, કુટિલ છે, ખરે, કાળની ગતિ.

**भिक्षुका नैव भिक्षन्ते शिक्षयन्ति गृहे गृहे ।**
**दीयतां दीयतां लोका अदातुः फलमीदृशम् ॥**

( અનુષ્ટુપ્ ).

ભીખ માગે ન ભીખારી, શીખ આપે ઘરે ઘરે;
" ન આપ્યાનાં ફળો આવાં, આપો, આપો, જનો ! અરે. "

—( ચાલુ )

## સાયંકાલે વનશ્રી.

રચનાર-શા. શા. "ષડ્ગુણ" ( ભાવનગર )

### રોળાવૃત

ગિરિપરથી વનતણી પ્રદોષે[1] શોભા કેવી ?, પ્રેક્ષકકેરૂં[2] હૃદય જલ્દીથી હરી લે એવી;
આંખો સૂર્યપ્રકાશ ક્યંઇ ક્યંઈ નજરે પડે છે, નિર્મળતા નભવિષે[3] અહા શી વ્યાપી રહી છે
પૃથ્વીતણી જંજાળ દેખીઁ મન વિરાગ લાવી, સૂર્યે ધાર્યાં દિસે વસ્ત્ર ભગવાં વન આવી;
શશિને[4] લોકો કહે ભરેલો મિષ્ટ સુધાથી[5], પોતાને કે' તીવ્ર તેહ નહિં સંખાયાથી.
તોયરાશિમાં[6] હુવે સુધાર્થ[7] ઉતરતો શું એ, તે ત્યજી આત્મસ્વભાવ શાંત વળીપૂર્ણ થઇને

૧ સાયંકાળે ૨ જોનારનું. ૩ આકાશમાં ૪ ચંદ્રને. ૫ અમૃતથી. ૬ સમુદ્રમાં. ૭ અમૃત માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિલની[૮] લહરી સુરભિ[૯] વન્ય[૧૦] પુષ્પો સંગે જે, મંદમંદ વાઈ બહુ ઘ્રાણને[૧૧] તૃપ્ત કરે છે.
લીલું ઉગેલું ઘાસ નમે વાયુ લે'રેથી, વળી ઉભું તે થાય વાયુની લે'ર જવાથી;
આથી નીલોદધિ વિષે[૧૨] વિચિની[૧૩] શોભા, ચોરે છે લઘુ ઘાસ ઉગેલું જે જથ્થામાં.
નિબિડ[૧૪] વૃક્ષની ઘટા જોઇ મન મુદિત[૧૫] બને છે દુ:ખી જનને પણ દુ:ખ ઘડીનિજવિસરાવે.
સર્વ દિશાથી પક્ષિ રાત્રિ સન્મુખ[૧૬] આવ્યાથી, કલરવ કરતાં ધસે સહુ વ્યાપાર ત્યજી દઇ;
મેઘ ગર્જના સમો નાદ વળી હરિ-બાળકનો,[૧૭] આવે છે દૂરથી કર્ણપથને ઉન્મથતો;[૧૮]
ઉદય થયો પૂર્વમાં હવે આ શિતરશ્મિનો,[૧૯] વન, કૌમુદીવિષે,[૨૦] અખિલ નવરાવી દેતો.
નભનાંગણમાં[૨૧] ત્રુટી ગયેલી માળા કેરા, મૌકિતક[૨૨] જેવા પડે દ્રષ્ટિએ અસંખ્ય તારા;
મહાકષ્ટથી નદી વહે છે ખળખળ કરતી, પર્વત કેરા વિષમ[૨૩] અશ્મથી[૨૪] વિશીર્ણ થાતી.
પર્વતના પથ્થરો સાથ જળ અથડાવાથી, ફેન[૨૫] વળે બહુ શ્વેત હંસની પાંખ સરીઆં;
આથી જાણે શ્વેત હીરાગળ વસ્ત્ર ધરીને, જાતી હોયે નદી ઉદધિને[૨૬] રીઝાવવાને.
ક્ષિતિજ વિષે વ્યોમ-ભૂ[૨૭] મળી ગે'લાં દીસે છે, આટલો હશે ભૂગોળ[૨૮] એવી તે ભ્રાંતિ કરાવે;
એક તર્ફ વિશાળ અને ઉછળતા દરિયા, વિષે વિચિ ટેકરી થઇને ભગ્ન બને છે.
આળસુ વિચારો કરે વ્યર્થ તે સર્વ જાય, તેવી રીતે ઉર્મિઓ[૨૯] ઉંચા થઇ સમાઈ જાય.

---

# ઇન્દ્રિયાદિ વિકાર નિરોધ કુલક-વ્યાખ્યા.

( વિષય કષાય વશ અંધ બની અકૃત્ય કરનાર જીવોને ખાસ બોધ લેવા લાયક. )

૧ રાજ્યાદિક ભોગ ( સુખ ) મેળવવા આતુરતાવાળા જીવો આર્તધ્યાન વશ મરીને તિર્યંચ ગતિમાં ઉપજે છે, અને જાતિમદવડે છાકેલા જીવો મરીને કૃમિ-કરમીયાં જેવી ક્ષુદ્ર જાતિમાં જઇ ઉપજે છે.

૨ કુળમદને કરનારા હોય તે શિયાળપણે અને રૂપમદ કરનારા ઊંટ વિગેરેની યોનિમાં જઈ ઉપજે છે; તેમજ બળમદ કરનારા જીવો પતંગીયા અને બુદ્ધિમદ કરનારા કુકડાપણે અવતરે છે.

૩ ઋદ્ધિમદ કરનારા શ્વાનાદિપણે, સૌભાગ્યમદ કરનારા સર્પ અને કાગડાદિપણે, તથા જ્ઞાનમદ કરનારા બેલ-બળદપણે અવતરે છે. એ રીતે આઠે

---

૮ પવનની. ૯ સુગંધી. ૧૦ વનનાં. ૧૧ ઘ્રાણેંદ્રીયને. ૧૨ સમુદ્રમાં. ૧૩ મોજાંની. ૧૪ ગાઢ. ૧૫ આનંદિત. ૧૬ પાસે. ૧૭ સિંહનાંબચ્ચાંનો. ૧૮ હચમચાવતો. ૧૯ ચંદ્રનો ૨૦ ચંદ્રિકામાં. ૨૧ આકાશરૂપીચોકમાં. ૨૨ મોતી. ૨૩ કઠણ. ૨૪ પથરાથી ૨૫ ફીણ. ૨૬ સમુદ્રને. ૨૭ આકાશપૃથ્વી. ૨૮ પૃથ્વીનો ગોળો. ૨૯ મોજાંઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતના મદ પરિણામે અતિ દુષ્ટ છે, એમ સમજીને સુજ્ઞજનો મદનો ત્યાગ કરી નમ્રતા ધારણ કરે છે.

૪ ક્રોધી-તામસી વૃત્તિવાળા જીવો અગ્નિકાયમાં એકેન્દ્રિયપણે, માયાવી-કપટવૃત્તિવાળા જીવો બગલાપણે, અને લોભી-લાલચુ જીવો ઉંદરપણે એમ કષાયોવડે બાપડા જીવો ભવભ્રમણ કર્યા કરે છે.

૫ મનદંડવડે જીવો દુષ્ટ મન-પરિણામવાળા તંદુલયા મચ્છપણે ઉપજે છે અને વચનદંડવડે શુક-પોપટ, તેતર અને લાવરાં વિગેરે પંખીઓપણે ઉપજીને વધ-બંધનોને પામે છે.

૬ કાયદંડ વડે જીવો ઘાતકી એવા મહામચ્છ ( મગરમચ્છ ) અને મંજારપણે ઉપજે છે, અને ત્યાં પણ એવાં અઘોર પાપ કરે છે કે જેથી તે ત્યાંથી મરીને નરકગતિમાં જાય છે.

૭ સ્પર્શન ઇન્દ્રિયના વિકારથી જીવો જંગલમાં ભૂંડપણે અવતરે છે. જીભની લોલુપતાથી વાઘપણે અને ઘ્રાણવશ બનવાથી સર્પજાતિમાં જન્મ લે છે.

૮ ચક્ષુવિકારવશ જીવો પતંગીયાં અને શ્રવણદોષવશ જીવો મૃગ-હરણીયાં થાય છે. અને એ પાંચે પાંચે પાંચે ઇન્દ્રિયોના વિકારવડે મૃત્યુવશ થાય છે.

૯ જેમાં વિષય વૈરાગ્ય, કષાય ત્યાગ, ગુણો ઉપર અનુરાગ-પ્રીતિ અને શુભ કરણીમાં અપ્રમાદ-ઉદ્યમ-પુરૂષાર્થ જાગૃત હોય તેજ ધર્મ જગતમાં શિવસુખદાયક-શાશ્વત સુખને આપનારો હોઇ ખાસ આદરવા યોગ્ય છે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# ઇરિયાવહીય કુલક-વ્યાખ્યા.

૧ ભવ્યજનોરૂપી ભ્રમરોવડે સદાય સાદર-અત્યંત પ્રેમ ભક્તિભાવે સેવાયેલા શ્રી વર્ધમાન પ્રભુના ચરણ કમળને પ્રણમી-પ્રણામ કરીને ચારે ગતિની સમસ્ત જીવયોનિઓ એટલે જગતના જીવ માત્રને ખમાવવા માટે જેમ શ્રુત-સિદ્ધાંતમાં સાંભળ્યું છે તેમ કુલક રચના રૂપે કહું છું.

૨ સાત નરકના નારક જીવો પર્યાપ્તા અને અપર્યાપ્તા ભેદે ચૌદ પ્રકારના નિશ્ચે હોય છે. તેમજ પૃથ્વી, અપ, તેઉ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સૂક્ષ્મ અને સ્થૂલ ભેદે દશ પ્રકારના હોય છે.

૩ વળી તે દશભેદ પર્યાપ્તા અને અપર્યાપ્તા રૂપે વીશ પ્રકારના થાય છે તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત એવા બે ભેદ પ્રત્યેક વનસ્પતિના હોઇ એ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકેન્દ્રિયના એકંદર બાવીશ ભેદો થાય છે. વળી બે ઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય અને ચઉઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને છ પ્રકારના હોઇ શકે છે.

૪ જલચર, થલચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ, એ પાંચે સંજ્ઞી અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોના દસ ભેદ થાય છે. તે દશના પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદે વીશ પ્રકાર થાય છે. એ રીતે એકંદર તિર્યંચ ગતિના બધા મળીને અડતાલીશ ભેદ થાય છે.

૫ સુવિશાલ એવી પંદર કર્મભૂમિના તથા સુખ કરી એવી ત્રીશ અકર્મભૂમિના અને છપ્પન્ન અંતરૂ દ્વિપના, એ બધા મળીને એકસોને એક મનુષ્યોના સ્થાન–ભેદ છે.

૬ તેમાં ગર્ભજ મનુષ્યો પર્યાપ્તા અને અપર્યાપ્તા હોઇ ૨૦૨ ભેદ થયા; તથા તેમના વમન, પિત્તાદિક અશુચિમાં ઉત્પન્ન થતા અપર્યાપ્તા અસંજ્ઞી ( સંમર્છિમ ) મનુષ્ય પંચેન્દ્રિય એ બધા મળીને મનુષ્યના ૩૦૩ ભેદ થયા.

૭ ભુવનપતિની દશ દેવ નિકાયોના દશભેદ, પરમાધામીના પંદરભેદ, તિર્યક જૃંભક દેવના દશ ભેદ, વ્યંતર–વાણવ્યંતરના સોળ ભેદ, ચર–ચાલતા અને સ્થિર એવા ( અઢી દ્વીપ સમુદ્ર અંતર્ગત અને તે બહારના) ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાના દશ ભેદ.

૮ કિલ્બિષ દેવના ત્રણ ભેદ, વૈમાનિક દેવના બાર ભેદ, નવગ્રૈવેયકના નવ ભેદ, તેમજ લોકાન્તિક દેવોના નવ ભેદ, અને અનુત્તરવાસી ઉત્તમ દેવોના પાંચ ભેદ, તે બધાય મળીને દેવદેવી યુક્ત ૯૯ ભેદ થયા.

૯–૧૦ તે બધા ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને ૧૯૮ ભેદ દેવતાના થયા. તેમાં પૂર્વલા નરક, તિર્યંચ અને મનુષ્યોના ભેદ મેળવતાં ૫૬૩ જીવ ભેદ બધા મળીને થયા. તે ૫૬૩ ભેદોને ' અભિહયાદિ ' દશ ભેદ વડે ગુણ્યા ત્યારે ૫૬૩૦ થયા. તેને ' રાગદ્વેષ ' એ બે પદ વડે ગુણતાં ૧૧૨૬૦ થયા. તેને ' મન વચન અને કાયા ' એ ત્રણ પદ વડે ગુણતાં ૩૩૭૮૦ ભેદ થવા પામ્યા.

૧૧ તેને ' કરવું, કરાવવું અને અનુમોદવું ' એ ત્રણપદવડે ગુણતાં ૧૦૧૩૪૦ ભેદ થયા. તેને ' અતીત, અનાગત અને વર્તમાન ' એ ત્રણ કાળે ગુણતાં ૩૦૪૦૨૦ ભેદ ઇર્યાપથિક સંબંધી બધા મળીને થયા.

૧૨ ઉપર જણાવ્યા મુજબ ચારે ગતિ મધ્યે જે જીવો કર્મના ઉદય અનુસારે નવનવી ( ભિન્ન ભિન્ન ) યોનિઓમાં ઉપજેલા હોય તે સર્વ જીવોને, મસ્તક ઉપર બે હાથ ચઢાવી બહુ બહુ પરે ( ત્રિવિધે ત્રિવિધે ) ખમાવું છું; એટલે તેમના પ્રતિ જે કંઇ પ્રતિકૂળ આચરણ મ્હારા જીવે ક્યારે પણ કોઇ પણ રીતે કરેલું હોય તેનો મિચ્છામિદુક્કડં દઉં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩ એ રીતે મોક્ષ મેળવવાને લાયક એવા જે ભવ્ય જીવો, ભલા મનથી-શુદ્ધ અંતઃકરણથી, જગતના સમસ્ત જીવો પ્રત્યે ( થયેલા કોઇ પણ પ્રકારના અપરાધ બદલ, મનનો આમળો મૂકીને ) બહુ બહુ પરે ખમાવે છે-માફી માગે છે-મિચ્છામિદુક્કડં આપે છે ( અને ઉપલક્ષણથી પોતે પણ તેમના તરફથી થયેલા કોઇ પણ પ્રકારના અપરાધની માફી ઉદારદીલથી પોતાનું કર્તવ્ય સમજીને આપે છે અને એ રીતે સમભાવ આદરી ખાતાં ચોખ્ખાં કરે છે ) તે મહાનુભાવો ભવ દુઃખ છેદી, દિવ્ય-દેવતાઇ સુખ પામીને અંતે મોક્ષનગરીનું એકાન્તિક અને આત્યંતિક (અક્ષય અને અવ્યાબાધ) સુખ અવશ્ય મેળવે છે. તથાસ્તુ. **ઇતિશમ્.**

**સાર બોધ**—સુખના અર્થીજનોએ આળસ-પ્રમાદ તજી, વિવેક-જાગૃતિ રાખવા પ્રયત્ન કરવો જોઇએ.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

---

# સત્ય મિત્રતાનું સ્વરૂપ.

લે.—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

( ગતાંક પૃષ્ઠ ૨૨૦ થી ચાલુ. )

જે મનુષ્ય મિત્રતાની કિંમત સમજે છે તેણે પોતાના મિત્રોની સાથે પૈસા સંબંધી વ્યવહાર કરવામાં સંભાળ રાખવી જોઇએ, અને મિત્રો પાસેથી પૈસા ઉછીના લેવામાં પણ ખાસ સાવધ રહેવું જોઈએ. મનુષ્યસ્વભાવનું એક ખાસ લક્ષણ છે કે કેટલાક લોકો આપણા માટે સર્વ કાર્ય કરવા તત્પર હોય છે અને આપણે તેઓની પાસે પૈસા સિવાય બીજા કોઇપણ અનુગ્રહની માગણી કરી શકીએ છીએ, છતાં આપણે મિત્રતા અથવા વિશ્વાસ ગુમાવતા નથી. પૈસાની માગણી કર્યા પછી ઘણા લોકોને શોચ કરવો પડે છે; કેમકે માગણી પ્રમાણે તેઓને પૈસા આપવામાં આવે છે તો પણ તે આપ્યા પછી હૃદયભાવ હમેશાં એકજ પ્રકારનો રહેતો નથી. કેટલાક લોકોની એવી પ્રકૃતિ હોય છે કે તેઓ પોતાના મિત્રોને પૈસા ઉછીના આપે છે, પરંતુ પાછળથી તેઓને માટે અમુક પ્રકારની તિરસ્કારની લાગણી ઉત્પન્ન થાય છે. ખરૂં કહીએ તો મિત્રો વચ્ચે આ પ્રમાણે બનવું જોઇએ નહિ, પરંતુ આમ બનતું આપણે વ્યવહારમાં જોઇએ છીએ. વળી કેટલાક લોકો એવા હોય છે કે તેઓ પૈસા સંબંધી અથવા ઐહિક સાહાય્યની માગણીને ક્ષંતવ્ય ગણી શકતા નથી. ગમે તેમ પણ આ ઘટના સત્ય મિત્રતાના સ્વરૂપથી વિરૂદ્ધ છે. કદાચ તમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ કહેશો કે ખરેખરી મિત્રાચારી હોય ત્યાં આ વાત સંભવે નહિ, પરંતુ આપણામાંના ઘણાખરાને આ બાબતમાં કડવો અનુભવ મળ્યો હોવો જોઇએ; અને એમ હોય તો ઉપરોક્ત ઉપન્યાસ કરવામાં કશો પ્રત્યવાય નથી. આપણે માગેલ મદદ અથવા પૈસો કદાચ આપણા મિત્રોએ આપણને આપ્યા હશે, તો પણ ઉભયના સંબંધમાં કંઈક સ્ખલના અદૃશ્યરીતે પણ પરિણમી હશેજ.

આજકાલ એક નવિન જાતની મિત્રતાનો પ્રચાર વધતો જાય છે. તે વ્યાપાર સંબંધી મિત્રતા છે. આ પ્રકારની મિત્રતાનો અર્થ આર્થિક લાભ સિવાય બીજો કંઇ થતો નથી. આ મિત્રતા જોખમ ભરેલી છે; તે ઉભય પક્ષનો સ્વાર્થ સાધવાના હેતુથી બંધાય છે. દેખીતી રીતે આ મિત્રતા એટલી બધી ગાઢ લાગે છે કે સત્ય અને અસત્ય મિત્રો વચ્ચેનો તફાવત પારખવાનું કાર્ય મુશ્કેલ થઈ પડે છે.

એક માણસમાં સાચી મિત્રતા કરવાની શક્તિનો સંપૂર્ણ અંશે અભાવ છે; છતાં પોતાનો સ્વાર્થ સાધવાને લોકોની સાથે તે એવો સંબંધ રાખેછે કે દરેક માણસ તેનો ખરેખરો મિત્ર હોય એમ જોનારને જણાય છે. તેને પહેલી જ વાર મળનાર કોઇ અપરિચિત મનુષ્ય પણ એમ ધારી લે છે કે પોતાને એક ખરેખરો મિત્ર મળ્યો છે; પરંતુ પેલો માણસ પોતાના મિત્રને નુકશાન કરવાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય તો પ્રસંગ મળે છે કે તરતજ લેશ પણ સંકોચ અને વિલંબ વગર તેનું અહિત કરવા તત્પર બને છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે જે મનુષ્ય સ્વાર્થદૃષ્ટિથી પ્રત્યેક વસ્તુને નિહાળે છે તેને કોઇની સાથે સાચી મિત્રતા સંભવી શકે નહિ. જગત્‌માં એવા પુષ્કળ મનુષ્યો દૃષ્ટિએ પડે છે કે જેઓ મિત્રતાને વ્યાપારનું સાધન બનાવે છે. તેઓમાં વિલક્ષણ પ્રકારનું આકર્ષણબળ રહેલું હોય છે; જે વડે અન્ય લોકો તેઓના પ્રતિ સત્વર આકર્ષાય છે. આ દરમ્યાન તેઓ ધીમે ધીમે પ્રપંચજાળ પાથરે છે જેમાં તેઓના મિત્રો છેવટે સપડાઇ જાય છે. ઇચ્છિત સ્થિતિએ પહોંચવા માટે અન્ય લોકોનો એક સોપાનપરંપરા તરીકે ઉપયોગ કરી તે સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી તે સોપાનપરંપરાને નીચે હડસેલી મૂકવી તે તિરસ્કરણીય છે. અમુક વ્યક્તિની સાથે મૈત્રી કરવાથી મને અત્યંત લાભ થશે, મારો વ્યાપાર ધમધોકાર ચાલશે, મારી આબરૂ તથા સત્તા વધશે, મારે ત્યાં વધારે ગ્રાહકો આવશે એવા સ્વાર્થમય હેતુથી મૈત્રી કરવાની ટેવ ભયકારક છે; કેમકે તેથી સત્ય મિત્રતા કરવાની શક્તિનો હ્રાસ થાય છે. જેઓ આપણને આપણી ખાતર ચાહે છે, અને આપણને જરૂર હોય ત્યારે જેઓ સુખ, સમય, સ્વાર્થ અને સંપત્તિનો ભોગ આપવા તત્પર હોય છે તેઓની મૈત્રી અત્યંત આહ્લાદ પમાડનારી છે.

સિસેરો કહેતો કે " આ જગત્‌માં મનુષ્યોને મિત્રતા કરતાં વિશેષ આનંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાયક કોઇ પણ વસ્તુ આપવામાં આવતી નથી; પરંતુ મૈત્રી કરવાની ટેવને કેળવવી જોઇએ. પઈસા ખર્ચવાથી તે ઉપલબ્ધ થઈ શકતી નથી. તે અમૂલ્ય છે. દ્રવ્ય ઉપાર્જન કરવાની પ્રવૃત્તિમાં પડી જવામાં તમારા મિત્રોનો પાંચદશ વર્ષ પર્યંત પરિત્યાગ કર્યા પછી તમે તે સર્વને પુનઃ મેળવવાની આશા રાખતા હો તો તે આકાશ પુષ્પવત્ છે. વસ્તુના મૂલ્યની બરાબર પ્રયાસ કર્યા વગર તમે કોઇ પણ યોગ્ય વસ્તુ મેળવી અથવા રાખી શકશો નહિ." જે માણસ મિત્રતા કરવાને અતિ નિભાવવાને આવશ્યક ભોગ આપવા ખુશી હોય છે તેને જ લાયક મિત્રોની પ્રાપ્તિ થાય છે. જેટલો સમય આપણે લાયક મિત્રો મેળવવામાં વ્યતીત કરીએ તેટલા સમયમાં પુષ્કળ દ્રવ્યનો સંચય કરી શકીએ એમ હોય તો પણ જેઓ આપણામાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને જેઓ આપણને વિપત્તિના સમયમાં ત્યજી દેતા નથી એવા પુષ્કળ મિત્રો કરવા તે પુષ્કળ દ્રવ્યનો સંચય કરવા કરતાં વધારે પસંદ કરવા લાયક છે પુષ્કળ કર્તવ્યપરાયણ મિત્રોની સાહાય્યથી જીવન જેટલું સમૃદ્ધ બને છે તેટલું જગતમાં કોઇ પણ વસ્તુથી બનવું અશક્ય છે.

ઘણા લોકો એમ ધારે છે કે મિત્રતા એક તરફથી જ હોવી જોઇએ. તેઓ પોતાના મિત્રોની સાથે આનંદ ગોષ્ટિ કરે છે, મિત્રો પોતાને મળવા આવે છે તો તેઓનું ચિત્ત પ્રફુલ્લ થાયછે; પરંતુ તેઓ મિત્રતા નિભાવવા ખાતર તે પ્રકારનો સંબંધ પરસ્પર રાખવાનું ભૂલી જાય છે-ભાગ્યેજ વિચારેછે. વાસ્તવિક હકીકત એ છે કે મિત્રતામાં પરસ્પર સંબંધને ખાસ લક્ષમાં રાખવો જોઇએ. તમે ગમે તેટલું જ્ઞાન ધરાવતા હો અને તમારામાં ગમે તેટલું વૈચક્ષણ્ય હોય તોપણ જો તમે બીજા લોકોના જીવનના નિકટ સહવાસમાં નથી આવતા, જો તેઓ તરફ તમારૂં વર્તન સહાનુભૂતિમય નથી હોતું, જો તમે તેઓના કાર્યોમાં અંતઃકરણ પૂર્વક રસ ન લેવાથી, તેઓની સુખ અવસ્થાથી આનંદ પામતા નથી અને તેઓને સર્વથા સહાયભૂત થતા નથી તો તમે એક ઉત્સાહ, આનંદ અને આકર્ષણ વગનું જીવન વહન કરશો.

એક યુવક પોતાને કોઇ મિત્ર નથી એવી હંમેશાં ફરીયાદ કરે છે. અને તે તેની એકાંત સ્થિતિથી કંટાળીને કેટલીક વખત આત્મઘાત કરવાના નિશ્ચય પર આવી જાય છે, પરંતુ જે કોઈ તેને એળખે છે તેને તેની સ્થિતિથી આશ્ચર્ય થતું નથી; કેમકે તેનામાં કેટલાક એવા અવગુણો છે કે જે પ્રત્યે મનુષ્ય ધિક્કારે છે, તેની દ્રષ્ટિ સંકુચિત છે, તેનું મન હલકુ છે અને તે વ્યવહારમાં ચીકણો છે. તે હમેશં બીજાની ટીકા કરે છે, દુરાગ્રહી છે, તદ્દન સ્વાર્થી અને લોભી છે, જ્યારે કોઇ માણસ એકાદ સારૂં કૃત્ય કરે છે ત્યારે તે કાર્ય કરવાના તેના હેતુ વિષે ખોટા તર્ક બાંધે છે. આવા અવગુણોથી તે ભરેલો હોવાથી તેને કોઈ સાથે મૈત્રી ન હોય તો તેમાં આશ્ચર્ય નથી.

જો તમે પુષ્કળ માણસોની સાથે મિત્રતા કરવા ઈચ્છતા હો તો બીજા માણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોમાં જે ગુણોની તમે પ્રશંસા કરતા હો તે ગુણોનો તમારે વિકાસ કરવો જોઇયે. ગાઢ મૈત્રીનો આધાર મળતાવડા ઉદાર અને સત્યનિષ્ટ સ્વભાવ ઉપર રહેલો છે. સહાનુભૂતિ, ચિત્તનુંઔદાર્ય, માયાળુપણુ, અનેમદદનીશ થવાની વૃત્તિ-આસર્વ બીજા લોકોને આપણા ભણી આકર્ષી લાવે છે. તમારે અન્ય લોકોના કાર્યો માં ખરેખરો રસ લેવો જોઇએ, નહિ તો તમે કોઇને આકર્ષી શકશો નહિ એ શંકા વગરની વાત છે. દંભ અથવા છળ પ્રપંચથી મિત્રતા ટકી શકતી જ નથી. વિરૂદ્ધ ગુણોમાં પરસ્પર આકર્ષણ થતું નથી. મિત્રતા પ્રશંસનીય ગુણોને લઇને જ નભે છે. કોઇપણ માણુસ ચાહવાની શરૂઆત કરે તે પહેલાં તમારામાં કેટલાંએક પ્રશંસનીય અને સ્નેહભાવ ઉપજાવે એવા ગુણોનો આવીષ્કાર થયો હોવો જોઇએ. ઘણા લોકો મહાન મિત્રતા કરવાને અસમર્થ હોય છે; કેમકે જે ગુણો બીજામાં રહેલા ઉદાર ગુણોને આકર્ષે છે તે ગુણોથી તેઓ સમન્વીત થયેલા હોતા નથી, તમે પોતે તિરસ્કરણીય ગુણોથી ભરેલા હશો તો કોઇ માણુસ તમારા માટે દરકાર કરે એવી આશા રાખતા હો તો તે ફોકટ છે.

જો તમે દયાહીન, અસહિષ્ણુ, અનુદાર, અસભ્ય, સંકુચિત વૃત્તિવાળા, નિરૂત્સાહી, અને ક્ષુલ્લક મનવાળા હશો તો ઉદાર અને વિશાળ ચિત્તવાળા પુરૂષો તમારી આસપાસ ભેગા થશે એમ માનતા હો તો તે તમારી ભૂલ છે. તમે મહાનુભાવ પુરૂષોની સાથે મૈત્રી કરવા ઇચ્છતા હો તો તમારે મહાનુભાવતા, ઔદાર્ય અને સહિષ્ણુતા આદિ સદ્દગુણોને કેળવવાની આવશ્યકતા છે, ઘણા માણસોને થોડા મિત્રો હોય છે, તેનું એક કારણુ એ છે કે તેઓની પાસે પોતાના મિત્રોને આપવાનું અત્યલ્પ છે, અને તેઓ પોતાના મિત્રો પાસેથી અત્યંત મેળવવાને આતુર હોય છે, આનંદી સ્વભાવ, સર્વત્ર આનંદ ફેલાવવાની તિવ્ર અભિલાષા, અને જે કોઇની સાથે પરિચય હોય તે સર્વને મદદગાર થવાની ઇચ્છા—આ સર્વ મિત્રતા નિભાવવામાં અજબ સાહાય્ય કરે છે, આકર્ષણુ કરે અને સ્નેહભાવ ઉત્પન્ન કરે એવા ગુણો કેળવવાનો તમે આરંભ કરશો કે તરતજ કેટલી ત્વરાથી તમારી આસપાસ મિત્રો ભેગા થવા લાગે છે તે જોઇને તમે ચકિત થઇ જશો.

ઉચ્ચતમ મિત્રતામાં ન્યાય અને સત્ય અતિ અગત્યની વસ્તુઓ છે, આપણુને હાનિ થાય એમ હોય તોપણ આપણે ન્યાયી અને સત્યપરાયણુ મિત્રને માનભરી દૃષ્ટિથી જોઇએ છીએ, આપણા સમાજનું બંધારણ ન્યાય અને સત્યના પાયાપર થયેલું હોવાથી તે બન્નેને માટે આપણા હૃદયમાં માનની ભાવનાનો ઉદ્દભવ થયા વગર રહેતો નથી, ન્યાય અને સત્ય તો મનુષ્ય સ્વભાવના અંશભૂત છે, જે મિત્ર સત્ય બોલતાં અચકાય છે, ન્યાય દૃષ્ટિએ જરૂર હોય છતાં જે મનુષ્ય પોતાના મિત્રની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગણી દુઃખાય તે સહન કરી શકતો નથી તેને ન્યાયી અને સત્યનિષ્ઠ મિત્રની જેટલો સ્તુતિપાત્ર નજ ગણી શકાય, મનુષ્ય સ્વભાવમાંજ એવું કંઈક રહેલું છે કે જેવડે આપણને દંભ પરત્વે સ્વાભાવિક તિરસ્કાર ઉત્પન્ન થાય છે, જે નિર્બળતાને લઈને આપણો મિત્ર સર્વથા સત્યનિષ્ઠ રહી શકતો નથી, તે તરફ આપણે લક્ષ ન આપીએ, પરંતુ તે આપણને છેતરવાનો યત્ન કરે છે એમ આપણા જાણવામાં આવે છે તો તેનામાં આપણે ફરી વખત કદાપિ વિશ્વાસનું આરોપણ કરી શકતા નથી; અને એ તો સૌને સુવિદિત છે કે **વિશ્વાજ સત્ય મિત્રતાનો પાયો છે.**

અત્યુત્કટ સ્નેહભાવ કરતાં માન, પ્રસંશા, અને સમાનશીલતા ઉપર સત્ય મિત્રતાનો વધારે આધાર છે, જ્યાં સ્નેહભાવ એટલો બધો હોય કે ન્યાય અને સત્યને વિસરી જવામાં આવે છે, ત્યાં મિત્રતાનો અંત વ્હેલો આવવા સંભવ છે, ન્યાય, સત્ય, માન અને પ્રસંશાને અવલંબી રહેલી મિત્રતાનેજ ગાઢ અને ચિરસ્થાયી મિત્રતા લેખી શકાય; ખોટા મિત્રો આપણા પોતાના પડછાયા સમાન છે, જ્યાંસુધી આપણે તડકામાં ચાલીએ છીએ, ત્યાંસુધી તે આપણી નિકટમાં રહે છે; પરંતુ આપણે છાયાવાળી જગ્યામાં પ્રવેશ કરીએ છીએ કે તેજ ક્ષણે તે આપણે ત્યજી દે છે. સત્ય મિત્રો તો પ્રકાશમાં તેમજ અંધકારમાં આપણને સરખી રીતે અનુસરે છે.

મિત્રતા કરવાની શક્તિ ઉપરથી ચારિત્ર્યનું પરીક્ષણ થઇ શકે છે. જેઓ સુખદુઃખમાં પોતાના મિત્રોને સરખી રીતે વળગી રહે છે તે લોકો સ્વાભાવિક રીતે સૌના વિશ્વાસપાત્ર બને છે. ઉદાત્ત ગુણો હોવાની તે નિશાની છે. જે લોકોમાં કર્તવ્યપરાયણતાનો અભાવ હોય છે તેઓમાં મહાન મિત્રો કરવાની શક્તિનો પણ અભાવ દૃષ્ટિગત થાય છે. કોઈ મનુષ્યના વિજયનું માપ પણ તેના મિત્રોની સંખ્યા અને ગુણોપરથી કરી શકાય છે; કેમકે તેણે ગમે તેટલું દ્રવ્ય ઉપાર્જન કર્યું હોય તો પણ જો તેને ઘણા મિત્રો નથી હોતા તો તેનામાં ઉત્તમ ગુણોની મહાન ખામી હોવી જોઇએ એ નિઃસંદેહ છે.

**"આ જગતમાં સત્યમિત્ર એક મહા પવિત્ર વસ્તુ છે"** એવું શિક્ષણ આપણા બાળકોને આપણે પ્રથમથી જ આપવું જોઇએ; તેમજ તેઓને મિત્રતા કરવાની શક્તિનો વિકાસ કરતાં શિખવવું જોઇએ. આથી તેઓનું ચારિત્ર્ય શુદ્ધ બનશે અને તેઓની દૃષ્ટિ વિશાળ થશે, તેઓમાં સુંદર ગુણોનો વિકાસ થશે, અને તેઓનું જીવન મધુર, શાંત અને રસિક બનશે. મિત્રના સંબંધ આ સર્વ ઉલ્લેખથી આટલું સ્પષ્ટ થાય છે કે સત્યનિષ્ઠ, કર્તવ્યપરાયણ અને ચારિત્ર્યવાન મિત્રોની પ્રાપ્તિ સદ્ભાગ્ય વિના મુશ્કેલ છે.

અંતમાં મહાન કવિ શેકસપીયરની નીચેની બોધદાયક પંક્તિઓપર મનન કરવાની વાચકવર્ગને વિનતિ કરી અત્ર વિરમવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"The friends thou hast, and their adoption tried,
Grapple them to thy soul with hoops of steel;
But do not dull thy palm with entertainment,
of each new-hatched, unfledged comrade."

**ભાવાર્થ**—" જે મિત્રો તેં કર્યા છે અને જેની મિત્રતાની તેં કસોટી કરી છે તેને તું મજબૂત વળગી રહે જે; પરંતુ દરેક અપરિચિત મનુષ્ય સાથે નવી મિત્રતા કરીને તારા સ્નેહનો ખજાનો ખાલી ન કર."

# જૈન કોમમાં સ્ત્રી કેળવણીની જરૂર.

( લેખક—રા. રા. સારાભાઇ મોહનલાલ દલાલ— અમદાવાદ. )

પાશ્ચાત્ય દેશો આપણાપર જે આધિપત્ય ભોગવે છે તે કેટલેક અંશે સ્ત્રી કેળવણીનું પરિણામ છે એ વાર્તા સર્વાનુમત થયેલી છે. પ્રાચીન સમયમાં જે હિંદુસ્તાનના નામ માટે સૌ કોઇના હૃદયમાં તિવ્ર માનની લાગણી ઉપજતી હતી તે હિંદુસ્તાન અત્યારે સાહિત્યના ક્ષેત્રમાં ઘણુંજ પછાત છે; જો કે કેળવણીના સંબંધમાં કંઇક પ્રગતિ થયેલી જોવામાં આવે છે. હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી સુમારે તેર લાખની છે, તે સમુદ્રમાં એક જલબિંદુસમાન છે, તેથી આપણી જુજ વસ્તીએ કેળવણીની દિશામાં જેવી અને જેટલી પ્રગતિ કરવી જોઇએ તેવી અને તેટલી નથી કરી એમ જ્યારે આપણને બુદ્ધિગત થાય છે ત્યારે અત્યંત ખેદ થાય છે. આપણી કોમે તે દિશામાં કંઇક પ્રગતિ કરી છે એમ આપણે કબુલ રાખીએ તોપણ જ્યારે આપણે બીજી કોમોએ કરેલી પ્રગતિનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી પ્રગતિ તુચ્છ જણાયા વિના રહેતી નથી. જે સ્થિતિમાં આપણે મુકાયા હોઇએ છીએ તે તે સ્થિતિથી આપણે સંતુષ્ટ રહીએ છીએ અને આપણી કોમના અભ્યુદયના સાધનો શોધી કાઢવા પ્રયત્નશીલ થતા નથી.

કેળવણીના સંબંધમાં પુરૂષોએ કેટલી પ્રગતિ કરી છે તે આપણે તપાસીએ. દિન પ્રતિદિન પુરૂષો પ્રગતિ કરતા હોય એમ જણાય છે, અને તેઓને માટે કેટલેક સ્થળે છાત્રાલયો ઉઘાડવામાં આવ્યા છે. તેમજ શિષ્યવૃત્તિ તથા પુસ્તકો વિગેરેની તેઓને સાહાય્ય આપવામાં આવે છે. આ ઉપરથી સમજી શકાય છે કે જૈનોનું ધ્યાન કેળવણી તરફ ખેંચાયું છે.

સ્ત્રીઓમાં કેળવણીનો અભાવ છે એ જો હું કહું તો તે અસ્થાને નહિ ગણાય. પાશ્ચાત્ય દેશોમાં પુરૂષોનો લગભગ અડધો કાર્યભાર સ્ત્રીઓ ઉપાડી લે છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી જે જે બાબતો પોતાના દેશને લાભ કર્તા નીવડે એવું હોય તે તે બાબતોમાં પ્રવૃત્તિ કરવાને પુરૂષોને પુરતો સમય મળી શકે છે. આપણા દેશમાં આથી ઉલ્ટું છે. અહિંઆ તો સ્ત્રીઓના કાર્યભારમાં પુરૂષો ભાગ લે છે અને તેથી પુરૂષોને માથે કાર્યનો બોજો વધી પડે છે, જેથી આપણને બીજાં હિતકારક કાર્યો હાથ ધરવાને અવકાશ મળી શકતો નથી. આ કારણથી જ આપણે જગત્‌માં કોઇ પ્રકારની પ્રગતિ કરી શકતા નથી. વર્તમાન મહાભારતયુદ્ધમાં સ્ત્રીઓએ પોતાના દેશની અત્યંત કિંમતી સેવા બજાવી છે એ વાત હજુ સૌના સ્મરણમાં તાજી છે. આ કેળવણીનું જ પરિણામ છે. આપણે સૌ સમજીએ છીએ કે કોમળવૃક્ષને આપણી ઇચ્છાનુસાર વાળી શકાય છે; તેવી રીતે બચપણમાં પડેલા સંસ્કારો જીંદગીપર્યંત ભુંસાતા નથી. આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે ભવિષ્યની પ્રજાને વિશેષ સારી બનેલી જોવા માટે આપણી સ્ત્રીઓની આધુનિક શોચનીય પરિસ્થતિ સુધારવાની અનિવાર્ય અગત્ય છે. બીજું, જો આપણી સ્ત્રીઓએ સારી કેળવણી સંપાદન કરી હશે તો બાળલગ્નો જેવા દુષ્ટ રિવાજો ક્રમે ક્રમે નિર્મૂળ થઇ જશે અને અનેક બાળકો તથા બાળકીઓની કિંમતી જીંદગીને મૃત્યુના પંજામાંથી બચાવી શકાશે. હું કબુલ કરૂં છું કે આપણી સ્ત્રીઓ ધાર્મિક જ્ઞાન વિશેષ ધરાવે છે, પરંતુ તેઓના ઉચ્ચાર ઘણા અશુદ્ધ હોય છે, જે સમજ્યા વગર ગોખવાનું સ્વાભાવિક પરિણામ છે, છેવટે આ દિશામાં પ્રયત્નો કરવા તત્પર થવું એ પ્રત્યેક જ્ઞાતિહિતૈષી બંધુનું મુખ્ય કર્તવ્ય છે; કેમકે સંયુક્ત પ્રયત્નોથી જ વિશેષ સારાં પરિણામો લાવી શકાય છે.

# શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ.

### અનુષ્ટુપ.

આશા જંજીરમાં પ્રાણી, તણી છે ગતિ ઊલટી;
બાંધ્યો તો ફરતો વિશ્વે, છૂટો જો સ્થિર છે સ્થિતિ.

### હરિગીત.

આ દેહમઠમાં પૃથિવ્યાદિ પંચભૂતનો વાસ છે,
પલ પલ વિષે જે ધૂર્ત છળતો ખવૌસ શ્વાસોચ્છ્વાસ છે;
એવું વિચારી કેમ ભોળા! રતિ નહિં સમજણ ત્રિષે,
અવધૂત! તનમઠ કેમ સૂતો જાગી જો આતમ વિષે.

૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહમઠ વિશ્વાસ નહિં કર માત્ર ક્ષણુમાં નાશ છે,
સંભાળ આત્મિકભાવ જ્યાં ગતિ રાગદ્વેષ વિનાશ છે;
સમભાવ ઉદકે આત્મઘટ છે પૂર્ણ એ લક્ષણુ વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો જાગીં જો આતમ વિષે.

૨

ૐ પંચપરમેષ્ઠિ વસે તવ મસ્તકે વળી હૃદયમાં,
છે સૂક્ષ્મ દ્વાર જ એકતાને આત્મના અભ્યાસમાં;
વિરલા વિશોધે આત્મસ્થિરતા ધ્રુવ તારી ગુણુ વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો જાગીં જો આતમ વિષે.

૩

સંયમ કરીં તૃષ્ણા તણો તું આત્મગૃહમાં પેસીને,
વાણી અગોચર સહજ ધ્વનિથી જાપ જપતાં બેસીને;
આનંદઘન અનુભવ રમણુતા પ્રકટતી ચેતન વિષે,
અવધૂત ! તનમઠ કેમ સૂતો જાગીં જો આતમ વિષે.

ફતેહચંદ ઝવેરભાઇ.

# મનુષ્યની બાલ્યાવસ્થા.

જે પ્રસંગે પ્રસૂતિગૃહમાં બાળક જન્મે છે અને તરતજ રૂદન કરે છે તે વખતે શું તેને કદી ભાન હોય છે કે વિશ્વમાં તેનો જન્મ શાને માટે છે ? જીવનના હેતુઓની સંકલનાઓ વિશ્વના પ્રત્યેક પ્રાણીઓની સાથે સદા જોડાયલીજ હોય છે. એ ભાનની ખબર જેમ જેમ વિકાસક્રમમાં તે પ્રાણી આગળ વધતો જાય છે તેમ તેમ તેને પડતી જાય છે, જે જે સંસ્કારો પૂર્વજન્મના પોતાની સાથે લેતું આવેલ હોય છે તે સાથે નવા સંસ્કારો પ્રસ્તુત જન્મમાં પ્રાપ્ત થતા જાય છે તે જુના સંસ્કારો સાથે મળી જઇ નવું રૂપ ધારણુ કરે છે. આથી બાળકના મન ઉપર તેની કોમળ અવસ્થામાં પડેલા સંસ્કારો જો તે યોગ્ય હોય છે તો પૂર્વના અયોગ્ય સંસ્કારોને દૂર કરી તેનું વર્તન ઉચ્ચ બનાવે છે પરંતુ જો અયોગ્ય સંસ્કારોને પ્રયત્નથી કાઢી નાંખવામાં આવતા નથી તો તેના મરણુ પર્યંત અથવા જન્માંતર સુધી રહે છે.

આપણે ' આ મનુષ્યનો આવો સ્વભાવ છે ' એમ કહીએ છીએ તે બીજું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઇ જ નથી પણ પૂર્વ જન્મ તથા વર્તમાન જન્મમાં પડેલા સંસ્કારોનો સમૂહ તથા તે ઉપરથી મનુષ્યના સ્વભાવમાં ઓતપ્રોત થઈ ગયેલી વૃત્તિઓ છે. જો આ વૃત્તિઓ પ્રતિકૂળ હોય છે તો મનુષ્યની ઉન્નતિમાં ડગલે ડગલે આડી આવે છે, કેમકે નાનપણમાં મન ઉપર પાડેલા ખરાબ સંસ્કારો, તેના આખા જીવનને દુઃખમય કરી મુકે છે. અથવા મોટપણે તેને નિરાશા અથવા નિરૂત્સાહપણામાં મુકે છે. પરંતુ તે નાનપણમાં શુભ સંસ્કારો પડેલા હોય તો આખા જીવનને સુખમય કરી શકે છે. આ ઉપરથી સમાજ રૂપ શરીરને પોષણ આપી ટકાવવા માટે તેના અંગોપાંગરૂપ બાળકોને તેમનું જીવન ઉચ્ચ કેમ બને તેને માટે નિરંતર પ્રયાસ કરવાની નેતાઓને માટે જોખમદારી રહેલી છે.

જે બાળકોનું ભવિષ્ય માબાપ અથવા શિક્ષકના હાથમાં મુકાય છે તેમણે પોતપોતાની જોખમદારી સમજવાની પુરેપુરી આવશ્યક્તા છે. જો તેઓ ન સમજતા હોય તો તે બાળકોનો જીવન પ્રવાહ છિન્ન ભિન્ન દિશામાં ફરી વળે છે અને તેમને માટે તેમજ સમાજને માટે ઉત્તમ ફળની આશા વ્યર્થ જાય છે.

બાલ્યાવસ્થામાં ઉત્તમ સંસ્કારો પાડવાને માટે સઉથી પ્રથમ એ કરવાનું હોય છે કે બાળકોને બુદ્ધિમાન્ મનુષ્યોના સંગમાંજ નિરંતર રાખવા જોઈએ. એક ક્ષણ પણ તેમને અજ્ઞાન અને બુદ્ધિ વિનાના મનુષ્યોના સહવાસમાં નહિ રાખવા જોઇએ. બાળકનું મન સ્વચ્છ કોરા કાગળ જેવું હોય છે તેના ઉપર ગમે તે લખી શકાય છે, તેથી અજ્ઞાન મનુષ્યની સોબતમાં તેનાં ઉપર જેવું લખવા ધારતા હોઈએ તેવું નહિ લખાતાં ભવિષ્યમાં તેને ગેરલાભ થાય તેવું લખાય છે.

માબાપ અથવા શિક્ષકની બેદરકારીથી શરૂઆતથી એવી કુટેવોનો પ્રસંગ બાળકને પ્રાપ્ત થાય છે કે જે ટેવ પછીથી તે દૂર કરી શકતું નથી. માબાપ અથવા શિક્ષકને એક બાળકને કેવી રીતે સમયાનુસાર કેળવવું તેનું જ્ઞાન હોવાની પ્રથમ જરૂરીઆત છે. તેના માનસિક બંધારણને ધ્યાનમાં રાખી તેની સાથે જુદી જુદી પદ્ધતિથી કામ લેવાની આવડત સંપાદન કરેલી હોય તોજ માબાપ અથવા શિક્ષક તરીકેની ફરજ બજાવી કહી શકાય. જો કે બાળકને કેળવવામાં બંનેના ક્ષેત્રો જુદા જુદા છે; પરંતુ સાધ્યબિંદુ ( point of view ) એકજ હોય છે કે તેનામાં કુટેવ દાખલ ન થવા પામે, તેમજ બાળક કાંઇ સમજતું નથી, પશુ જેવો હલકો છે વિગેરે શબ્દોથી વારંવાર ટકોર્યા કરવો—એવા વિચારથી દૂર રહેવું જોઇએ.

શિક્ષણનાં જે બીજો બાલ્યાવસ્થામાં નંખાયા હોય છે તે પોતાને અનુરૂપ ફળોથી ભરપુર યુવાવસ્થામાં વૃક્ષ બને છે; ઝાડના મૂળમાં પાએલું પાણી જેમ સર્વાંગે પોષણ આપે છે તેમ, બાળકનું જીવન શુભ સંસ્કારોથી ભરેલું હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એક મનુષ્ય તરીકે તેની કારકીર્દી ઉંચી નિવડે છે, અને સ્વપર હિત અનેક પ્રકારે સાધી શકે છે.

બાળક અને બહિરાત્મા બંને જડ–અજ્ઞાન છે. એક વ્યવહારથી અજ્ઞાન છે, બીજો પરમાર્થથી અજ્ઞાન છે. બહિરાત્માની ઉંચી સ્થિતિ કરવાને માટે અંતરાત્માઓએ–જ્ઞાનીઓએ શાસ્ત્ર દ્વારા અનેક દષ્ટાંતોથી જુદા જુદા દષ્ટિબિંદુથી શીખામણ આપી સન્માર્ગે પ્રવર્તાવવા પ્રયત્ન કરેલો છે; તેમ બાળકોને માટે તેમના માબાપો અને શિક્ષકોએ તેમનામાં ભય-ક્રોધ-અહંકાર–હઠીલાઇ વિગેરે દુર્ગુણોથી તેઓ બચવા પામે અને હિમ્મત–સહનશીલતા–સત્યપ્રિયતા–ઉદારતા વિગેરે સદ્દગુણો ખીલવા પામે તેવા પ્રયાસોની આવશ્યક્તા છે. જેવો થવાની તું ઉચ્ચ અભિલાષા ધરીશ તેવોજ તું થઈ શકે તેમ છે, તથા શાથી થઇ શકે છે તે તેને સમજાવવાની જરૂરીઆત છે.

જે જે ટેવો બાળકમાં પાડવાની અગત્યતા જણાય તે તે જેમ બને તેમ વારંવાર આચારમાં મુકાવી જોઇએ. જિનપૂજા, સામાયિક આદિ શ્રાવક તરીકેના આચારને પ્રથમથીજ ગ્રહણ કરાવવો જોઇએ, તે બોજારૂપે તેને પડે તેમ નહિ, પરંતુ ગમ્મત સાથે તે તે આચારોને પ્રેમથી પાળે તેવી રીતે તેવા સંયોગોમાં પાલન કરાવવું જોઇએ.

બાળક સંબંધી ઉચ્ચ ભાવના જ્યાંસુધી આપણને પ્રકટી હોતી નથી ત્યાંસુધી સમાજ અને ધર્મના સ્તંભો બનાવવાની આશા વ્યર્થ છે. એક અંગ્રેજ લેખક કહે છે કે ' પ્રભુએ પ્રથમ પુરૂષને ઉત્પન્ન કર્યો, પછી એ કરતાં ચઢીઆતી સ્ત્રી ઉત્પન્ન કરી, અને છેવટે સૌથી ઉત્તમ બાળકો ઉત્પન્ન કર્યા; અને કવિ ભવભૂતિ પણ બાળકને પતિ–પત્નીના સ્નેહની આનંદગાંઠ કહે છે, પણ બાળક સંબંધી આ ઉચ્ચ ભાવનાને અનુકૂળ આપણું તેઓ પ્રત્યે વર્તન છે ? આ પ્રશ્નનો ઉત્તર નકારમાંજ આપણે આપવો પડશે. એક માળી આંબાનું ઝાડ ઉછેરવા પાછળ જેટલી કાળજી લે છે તેની અડધી કાળજી પણ આપણે દેશની ભવિષ્યની પ્રજાને કેળવવા તરફ રાખતા નથી.

મુખ્યત્વે કરીને માબાપો બાળકોને નિશાળમાં મોકલવા તે કરતાં પોતાનું અધિક કર્તવ્ય સમજતાં નથી. બાળકો શું અભ્યાસ કરે છે; આખા દિવસમાં તે પ્રથમ કરતાં કેટલો આગળ વધ્યો તે તપાસવાની ફુરસદ પણ હોતી નથી, આથી પરિણામ એ આવે છે કે તેનામાં કુટેવો વિજળીની ઝડપે દાખલ થતી જતી હોય છે અને પરિણામે તે અનિવાર્ય નીવડે છે. પછીથી આપણે આનામાં આવી કુટેવો કેમ પડી તેનો તેને ઠપકો આપીએ છીએ, અને દિલગીર થઇએ છીએ, અને સરવાળે દેશ અને ધર્મને હાનિમાં મુકીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચથી દશ વર્ષ સુધીની બાલ્યાવસ્થામાં કેળવણી કેવી અપાવી જોઇએ અને કેવી પદ્ધતિથી હોવી જોઇએ તે સંબંધી માતાઓને તો શું પણ પિતાઓમાં સંપૂર્ણ અજ્ઞાન હોય છે. બાળકનાં તન, મન અને આત્મા ખીલવવા માટેનાં પુસ્તકો વાંચી પિતા અને માતાએ તૈયારી કરવાની આવશ્યક્તા ઉપરજ બાળકના ભવિષ્યનો આધાર છે એ વાત પુનરુક્તિનો દોષ વહોરી લઇને પણ કહેવું પડે છે.

વીર પરમાત્માને માટે શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક " **भावित भावो भवेष्वनेकेषु** " કહેવા સાથે એમ દર્શાવે છે કે ' પરમાત્માના સદ્ગુણોનો અભ્યાસ અનેક જન્મોથી દૃઢ થતો ચાલ્યો આવતો હતો. ' મતલબ કે સંસ્કાર એ એક જાતનું બળ છે, તેનું ફળ મોડું વહેલું પુરૂષાર્થ અને ભાવિના નિયમાનુસાર આત્માને મળ્યા જાય છે. જ્યાંસુધી અમુક સંસ્કાર દૃઢ થતો નથી ત્યાંસુધી તે ક્રિયારૂપે દેખાવ દેતો નથી ત્યારે મહત્વની એ બાબત છે કે બાળકને પ્રથમથીજ સારા સંસ્કાર મળવા જોઇએ.

બાલ્યાવસ્થામાં આપણને સ્થૂળદષ્ટિએ ખબર ન પડે તેમ બાળકમાં મોટા મનુષ્ય જેવા મનના વિકારો બીજરૂપે માલુમ પડે છે. ઈર્ષ્યા, સ્વાર્થ, લોભ, ક્રૂરતા વિગેરે મનના સ્વભાવો બાળકોમાં પણ જોવામાં આવે છે. આ સર્વ જન્માંતરપણું સાબીત કરે છે, એટલુંજ નહિ પણ જન્માંતરમાં પ્રાપ્ત કરેલી ટેવોનાં એ સર્વ બીજો છે, જે બીજનું પોષણ થતાં મોટી ઉમ્મરે શાખા પ્રશાખાથી ભરચક વૃક્ષરૂપે જોવામાં આવે છે.

મગજને યાદ રાખવાનો શ્રમ ન પડે અને સ્મરણશક્તિ વધે એવી યોજના પ્રત્યેક નૈતિક અથવા ધાર્મિક શિક્ષણમાં થવી જોઇએ. શારીરિક કેળવણીને માટે કસરતને પણ બીલકુલ ભુલી જવાની નથી. શરીર અને મનનો તેની સાથે સંબંધ ઘણોજ નિકટ છે. આહાર–નિદ્રા–સ્નાન–હવા આદિ શારીરિક નિયમોનું પાલન કરાવવામાં સુંદર યોજનાઓ પ્રાચીન ગુરૂકુળ જેવી સંસ્થાઓ ખોલી બરાબર કરાવવું જોઇએ, તેમજ બાલોપયોગી પુસ્તકો પણ વિદ્વાનોની પ્રૌઢ કલમથી લખાવી સૃષ્ટિના મનોહર દેખાવો, કલ્પનાશક્તિને જગાડે તેવાં ચિત્રો, અને ગમ્મત સાથે જ્ઞાન થાય તેવાં પૂર્વનાં તેમજ અર્વાચીન મહાત્માઓનાં દષ્ટાંતો–વાર્તાઓથી સમૃદ્ધ કરી યોજવાની જરૂર હોવા છતાં આવા સમાજ અને ધર્મને ઉપયોગી થઇ પડે તેવાં બાળકો તરફ જે દુર્લક્ષ્ય જોવામાં આવે છે તે સંપૂર્ણરીતે ખેદજનક છે.

દ્રવ્યનો વ્યય બાળકોને કેળવવા પાછળ જો કે તેમના ભવિષ્યના જીવનના ઉપયોગીપણા તરફ દષ્ટિપાત કરતાં નજીવો છે છતાં જે થાય છે તેનો પણ ઉપયોગ તેમની મગજશક્તિ કેળવવામાં નહિ પણ તેના ઉપર બોજો લાદવારૂપ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનદર્શનના સિદ્ધાંતો એવા સુંદર પાયા ઉપર રચાયલા છે કે જેને માટે યુરોપીય તત્વજ્ઞોને પણ તારીફ કરવી પડી છે. તેમજ દુનિયાના દરેક પ્રાણી પદાર્થ ઉપર જે સિદ્ધાંતો પ્રકાશ નાંખે છે તે સિદ્ધાંતોને નિયમસર સમજાવી બાલ્યજીવન-કાળથી શુભ સંસ્કારો પાડવામાં આવે તેમજ તે બાળકોનાં તન, મન અને આ-ત્માને ઓછામાં ઓછા વીશ વર્ષ નિયમાનુસાર કેળવવામાં આવે તો જૈનદર્શનની મહત્વતા અત્યારની સમયાનુકૂળ દ્રષ્ટિએ પ્રકાશમાં લાવી શકાય.

આ રીતે સમાજ અને ધર્મ ઉભયની ઉન્નતિ માટે બાલ્યાવસ્થા એ ઉત્તમો-ત્તમ મૂળરૂપ સાધન છે, તે તરફ જ્યાંસુધી ઉચ્ચ દ્રષ્ટિબિંદુથી જોવામાં નહિ આવે અથવા તેને ઉંચા સ્વરૂપમાં કેળવીને સુંદર ભુમિકા તૈયાર કરવામાં નહિ આવે ત્યાં-સુધી **बहुरत्ना वसुंधरा** એ પદની સાર્થકતા કદાપિ થવાની નથી એ નિર્વિવાદ છે.

**ફતેહચંદ ઝવેરભાઇ.**

## સમાજ ઉન્નતિ માટે સમયે સમયે ફેરફાર કરવાની જરૂર છે ?

જ્યારે જ્યારે જમાનો ( સમય ) બદલાતો જાય છે ત્યારે ત્યારે દરેક મનુષ્ય અને દરેક સમાજને વ્યવહાર અને ધર્મ માંહેના રીતરીવાજ, રૂઢીઓ, પ્રણાલિકાઓ, ધોરણો વગેરેમાં તે સમાજની અંદરના મનુષ્યોની ઉન્નતિ માટે ફેરફાર કરવો પડે છે. જ્યાં સમયને અનુસરતો ફેરફાર કરવામાં આવતો નથી તે સમાજની અવનતિ કદી થયા સિવાય રહેતી નથી અને તેમ છતાં પણ કુદરત–કાળતો તેનું કાર્ય કરે જાય છે. આમ હોવાથી જૈન શાસ્ત્રકાર મહારાજે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એ ચાર ધર્મની રાજનીતિ બતાવેલી છે એટલે કે તે મુજબ જે કોમમાં જે વખતે જેવો દ્રવ્ય –ક્ષેત્ર, કાળ, ભાવ વર્તતો હોય તેવે વખતે તેવો ફેરફાર કરવા આજ્ઞા આપેલી છે.

હિંદુસ્તાન સિવાય અન્ય દેશ, યુરોપ અમેરિકા, વગેરે અત્યારે–કળાકૌશલ્ય કેળવણી, જનસુખાકારી અને દ્રવ્ય સમૃદ્ધિ માટે કેટલા આગળ વધી ગયેલા છે, તેનું કારણ ત્યાંના રાજ્યો, સમાજો, અને વ્યક્તિઓ મનુષ્ય ઉન્નતિ તેજ સમાજ અને દેશ ઉન્નતિ છે એમ ધારી તેને માટે અપરિમિત પ્રયાસ કરે છે, અને હિંદુસ્થાન તદન પછાત દેશ છે તેનું કારણ જો તપાસીએ તો આ દેશમાં જોઇએ તેટલી કેળવણી નથી, તેમજ કળાકૌશલ્ય, હુન્નર ઉદ્યોગ, પણ જોઇએ તેટલા પ્રમાણમાં નથી અને ઘણા વર્ષોથી તો પ્લેગ, દુષ્કાળ મોંઘવારી અને બીજી વ્યાધી-ઓના જ્યાં વારંવાર આઘાતો થયા કરે છે ત્યાં જનસુખાકારીની તો વાતજ શી કરવી ! આ દેશની આ સ્થિતિ છતાં જ્યાં કેળવણી, જનસુખાકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે થોડે ઘણે અંશે પારસી જેવી કોમમાં તો દેખાય છે, ત્યાં આપણી જૈન-કોમનો વિચાર કરતાં તે સમૃદ્ધિવાન અને હિંદુસ્તાનનો વ્યાપાર મોટે ભાગે પોતાના હાથમાં, છતાં તે તદન પાછળ દેખાય છે, તેનું કારણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ એ રાજનીતિને હજુ જૈનો સમજ્યા નથી એમ દેખાય છે. છતાં દર વર્ષે આખરનો સરવાળો તપાસીશું તો આ કોમમાં ધાર્મિક કાર્યોમાં ખર્ચાતું મોટી રકમનું દ્રવ્ય કે જે આ સમયમાં માત્ર સમાજ ઉન્નતિ માટે, બંને પ્રકારની કેળવણી અને જનસુખાકારીમાં ખર્ચવાથી (પરીણામે) ધાર્મીક ઉન્નતિ થાય છે તેટલુંજ નહિ પરંતુ થતી અવનતિ અટકે છે તેમાં નહિ ખરચતા તેને બદલે વરઘોડા, જમણવાર વગેરેમાં મોટી રકમોનાં ખર્ચ હજુ પણ થયા કરે અને બહુ જરૂરીયાત નહિ છતાં તેના તેજ ખાતાઓ દેવદ્રવ્ય વગેરેમાં જ્યાં વૃદ્ધિમાં વૃદ્ધિ જ થયા કરે અને સમાજની ઉન્નતિ માટે ( શ્રાવકક્ષેત્ર ઉન્નતિ માટે ) ની દૃષ્ટિથી કાંઇ પણ કરવામાં ન આવે તો સમાજની ઉન્નતિ શી રીતે થઇ શકે ? અને ધર્મીઓની વૃદ્ધિ પણ શી રીતે થઇ શકે તે અમે સમજી શકતા નથી. શ્રીમાન માણસો આવા ખાતામાં ધાર્મિક બાબતોમાં પુષ્કળ ખર્ચ કરતા હોય, અને વૃદ્ધિ કરતા હોય છતાં સાથે જૈન બંધુની ઉન્નતિને માટે પણ સારી રકમનો વ્યય કરતા હોય તો અમારે આ લખવું અસ્થાને છે; પરંતુ સમાજ ઉન્નતિ તે ખરેખરો ધર્મ નહિ અને બીજા ધાર્મીક કાર્યો જે કે ગૌણતામાં રાખવા જેવા દેખાતા હોય તેમાં ખર્ચ કરવો અને વૃદ્ધિ કરે જેવી એવી સંકુચિત દૃષ્ટિવાળા જૈનોની આંખ ક્યારે ખુલશે અને વિવેકપૂર્વક જોતાં ક્યારે શીખશે ? ઉપર બતાવ્યું તેમ જ્યારે જિનેશ્વર ભગવાને જેમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ ધર્મની રાજનિતિ બતાવી છે, તેમ સાત ક્ષેત્રોમાં પણ દરેક જૈનોએ દ્રવ્ય ખરચવું જોઇએ અને જે કાળે જે ખાતું સીદાતું હોય તેને મુખ્ય કરી તેની ઉપર સંપૂર્ણ દૃષ્ટિ રાખી તેમાંજ દ્રવ્યનો વ્યય અને સંચય કરવો જોઇએ, અને બીજા ક્ષેત્રોને ગૌણતામાં મુકવા જોઇએ, આવી પણ સાથે પરમાત્માની ખાસ આજ્ઞા છતાં અંધશ્રદ્ધાથી કહો, કે ગાડરીયા પ્રવાહમાં તણાવાની ટેવને લઇને કહો, કે નહિ સમજતાં છતાં પાપના ભયથી ખોટી રીતે ડરીને કહો, ગમે તે રીતે માત્ર દરેક સમયે એકજ કાર્યને વળગી રહેવું અને તેમાં ઓછી જરૂરીયાત છતાં તેના તરફ માત્ર દૃષ્ટી રાખ્યા કરવી, તેમાં ખર્ચ કરવો અને દ્રવ્યનો સંચય કર્યે જવો અને જે સમયમાં જેમની ખરેખરી ઉન્નતિ કરવાની હોય તેની સામે ન જોવું, તેને મુખ્ય ગણી તેમાં દ્રવ્યનો ઉપયોગ ન કરવો તે જેમ શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ છે તેમ સમાજને અવનતિએ પહોંચાડનાર સ્થિતિ છે. તેમ સુજ્ઞ મનુષ્યો કહે તેની કોણ ના કહી શકે તેમ છે ?

સાત ક્ષેત્રનું રક્ષણ કરનાર, તેની ન્યાય અને વહેવારપૂર્વક સંભાળ લેનાર, અને ધર્મને નીયમસર ચલાવનાર કોઇ પણ કાળ કે કોઇ પણ ક્ષેત્રમાં શ્રાવકક્ષેત્ર જ છે, અને તે સાત ક્ષેત્રરૂપી બનેલ ધર્મરૂપી મહેલનો પાયો છે, તે મજબુત અને ઉન્નત

For Private And Personal Use Only

હશે તોજ દરેક ક્ષેત્રો સારી રીતે ચાલી શકે તે નકી છે; છતાં મૂળ અને પાયાની દરકાર વગર આખા મહેલને સંભાળવો કે વ્યવસ્થા કરવી તે કેટલો વખત તેવી રીતે ચાલી શકશે તે વીચાર કરવા જેવું છે.

જ્યારે આપણે આ માર્ગનો વિચાર કરતા નથી, તે ખાતાને મદદ કરવાની કે તેમાં દ્રવ્ય ખર્ચવાની ઇચ્છા થતી નથી, ત્યારે આપણે હવે એક બીજી હકીકત ઉપર વીચાર કરીયે.

અત્યારે મનુષ્ય ઉન્નતિ કરવા માટેનો સમય ખરેખર જ્યાં વર્તે છે, કે જેની ઉન્નતિથીજ ધર્મની ઉન્નતિ થઇ શકે છે, તે છતાં આપણે આપણા જૈન બંધુઓની પ્રથમ ઉન્નતિની જરૂરીયાત છતાં, નહીં જરૂરીયાત કે ઓછી જરૂરીયાત જ્યાં હોય ત્યાં તે સ્થળે આપણે માત્ર દેરાસરો નવાં બનાવી પ્રતિષ્ઠાઓ કરી તેમાં તેમજ તેને લગતા આરતિ, પૂજા, આંગી વીગેરેના કાર્યો કરી તે ખાતામાં એટલે કે દેવદ્રવ્યમાં જ મોટે ભાગે દ્રવ્યની વૃદ્ધિ કરે જઇએ છીએ, કે જે દ્રવ્ય કહેવામાં આવતા શાસ્ત્રાજ્ઞા પ્રમાણે તે સિવાય બીજા કોઈ કાર્યમાં તેનો ઉપયોગ થઇ શકતો નથી, તેવી રીતે દરેક સ્થળે તે ખાતે વૃદ્ધિ માત્ર એકજ ખાતામાં થાય છે અને શ્રાવક ઉન્નતિ માટે એક પાઈ પણ તેવા પ્રસંગોએ કોઈ આપતું નથી, વળી સાધારણ ખાતું કે જે ખાતા માંથી સાત ક્ષેત્રની સર્વથા સંભાળ અને રક્ષણ થઇ શકે છે, તે ખાતે તદન ટોટો હોય છે અને વળી કેટલાક સ્થળ તો તે સાધારણ ખાતું જ્ઞાનદ્રવ્ય કે દેવદ્રવ્યનું દેવાદાર હોય છે, એટલે કે તે દેવું જ્યાંસુધી પુરૂં ન થાય ત્યાંસુધી તે ગામના જૈન સમાજ હમેશાં ફીકરમાં રહે છે અને બીજાની દ્રષ્ટિએ કાંઇક અયોગ્ય ગણાય છે અને તેવું દેવું પુરૂં ન થાય તો તે કરનારે પાપ કર્યું તેમજ દેવદ્રવ્યમાં ખાડો પાડ્યો એમ કહી તેને પાપી તરીકે માનવામાં આવે છે.

અલબત્ત કાયદાની દ્રષ્ટિએ તો જે ખાતાનું જે દ્રવ્ય, હોય તે ખાતામાં તે ખર્ચવું જોઇએ, અને તેના વહીવટ કરનારે ત્યાં વાપરવું જોઇએ, પરંતુ જ્યાં શાસ્ત્રીય દ્રષ્ટિએ એટલે કે જ્યાં શાસ્ત્રમાં એવું ફરમાન છે કે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇને ચતુર્વિધ સંઘ ધર્મના કોઇ પણ ખાતાનો તેમાં ફેરફાર, ગણત્રી કે આવક જાવકના વિભાગ પાડવા કે નવા ફેરફાર પણ જ્યાં કરી શકે છે, તો તેવી રીતે કે બીજી રીતે ફેરફાર ધર્મના કોઇ પણ ખાતામાં કે જેમાં એકમાં વૃદ્ધિ થતી હોય અને બીજામાં તોટો પડતો હોય તેમાં તે રીતે કે બીજી રીતે કરવાની જરૂરીયાત દેખાય છે છતાં પણ ત્યાં દ્રષ્ટિ કરવામાં આવતી નથી.

આ બાધા કરતાં વહીવટ કરનારાઓ પ્રથમ જેમ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાની દ્રષ્ટિ રાખે છે તેને બદલે ફક્ત એકજ સાધારણ ખાતું જેને કહેવામાં આવે તે રાખવામાં આવે તો તેમાંથી ધર્મના કોઇ પણ કાર્યમાં વાપરવામાં અડચણ કે આજ્ઞા વિરૂદ્ધ થતું નહિ હોવાથી પરિણામે કોઇ પણ સમયે કોઇ પણ ક્ષેત્રને સીદાતા જોવાનું કે ઘણે ભાગે સમાજ અવનતિનો વખત આવે નહિ, પરંતુ પ્રથમ તો તેમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન સુઝયું, હજુ સુધી ફેરફાર કરવાનું પણ નથી સુજતું અને હવે પછી નવા કાર્યો જે કરવામાં આવે છે તેમાં પણ રસ્તો કરવાની સમાજની આંખ ઉઘડતી નથી તે કેવું શોચનીય છે?

અત્યારે જૈન ધર્મના દરેક ખાતાં અને ક્ષેત્રોની તપાસ કરીશું તો માલુમ પડશે કે, સમાજ ઉન્નતિ અને તેની પ્રગતિ માટે વખત આવી લાગ્યો છે જેને લઇને આપણા બંધુઓની શી અવસ્થા છે, તેને શું જરૂરીયાત છે, તેની કેવા પ્રકારે ઉન્નતિ કરવાની જરૂર છે, તેની આરોગ્યતા કેવી છે, તે ઉપર કોઇ દ્રષ્ટિ દેતું નથી અને વરઘોડા ચડાવવા, જમણવાર કરવા, અને નહિ જરૂરીયાત છતાં તેવા સ્થળોએ દેવાલયની વૃદ્ધિ કર્યા જવી અને તેજ ખાતામાં ખર્ચ કરી તેમાં પૈસાની વૃદ્ધિ કરે જવી. દાખલા તરીકે હાલમાં સખ્ત મોંઘવારી અને દુષ્કાળ વર્તે છે છતાં અનેક સ્થળે મહોત્સવો, પ્રતિષ્ઠા અને જમણવારો થયે જાય છે જોકે કોઇ રીતે છુટકો ન હોય ત્યાં સામાન્ય સંક્ષિપ્તથી પ્રતિષ્ઠા કરી શકાય) છતાં તે માટે અને તેને લગતા બીજા ખર્ચોમાં હજારો રૂપૈયા દુષ્કાળનો મુશ્કેલ ભર્યો પ્રસંગ છતાં ખર્ચ કરે જાય અને ઢોર અને મનુષ્યને જ્યાં ખોરાકનાં સાંસાં પડે છે તેની સામે કોઇ જોતું નથી એટલે કે અત્યારે શું જરૂર છે તે સામે બીલકુલ તેઓની દ્રષ્ટિ જ નથી. તેનો અર્થ તો માત્ર એટલો જ થાય કે સાતે ક્ષેત્રનું રક્ષણ કરનાર જે શ્રાવક ક્ષેત્ર તેનું ભલે ભક્ષણ થાય, તેનામાંથી સાત ક્ષેત્રની રક્ષણ કરવાની શક્તિ ભલે ઓછી થાય, તેમાંથી વ્યક્તિઓ ભલે ઓછી થાય, પરંતુ અમો તો અમારી મરજી મુજબ માની લીધેલા સ્થળે ( ક્ષેત્રનુંજ ) પોષણ વૃદ્ધિ કર્યે જશું; આવી સંકુચિત દ્રષ્ટિવાળા જૈનો પછી ભલે તે પૂજ્ય ધર્મગુરૂ કે ધર્મબંધુ હો પરંતુ સમયનો વિચાર નહિ કરનાર, સીદાતા ક્ષેત્રની સામુ નહીં જોનાર તેના માટે વિચાર નહિ કરનાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવરૂપી ધર્મની રાજનીતિને દૂર મુકી સમાજની "ધર્મની ઉન્નતિ કે પ્રગતિ તરફ દુર્લક્ષ કરનાર" ગમે તે હો તો તે ધર્મબંધુ કહેવરાવવા માટે લાયક કેમ ગણાય?

સમયને અનુસરીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ફેરફાર કરવાનું જ્યાં સુઝતું નથી, ત્યાં દેવદ્રવ્ય જેવા ખાતામાં જ્યાં દરેક સ્થળે અનર્ગળ દ્રવ્ય છે તેમાંથી તો સમાજ ઉન્નતિ માટે એક પાઇ પણ ખર્ચી શકાતી નથી કારણ કે તેમાંથી બીજા ખાતામાં ખર્ચવામાં શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ છે એમ મનાય છે. જાણવા અને સાંભળવા પ્રમાણે તો "દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી તેનો નાશ થતો અટકાવવો" તેવી આજ્ઞા છે છતાં સમાજ ઉન્નતિ માટે તે દ્રવ્ય ઉપયોગમાં લેવામાં આવે એટલે કે મૂળ દ્રવ્ય સલામત રહે અને વ્યાજથી તેની વૃદ્ધિ થાય તેમ હોય છતાં, જૈન સમાજ કે તેમાંહેની વ્યકિતની ઉન્નતિ જેવી કે કેળવણી, જન સુખકારીના સાધનો તથા નિર્દોષ વ્યાપાર વૃદ્ધિ વગેરેમાં તો તે દેવદ્રવ્યનો વ્યય પણ ન થાય અને જૈનેતર ને તે ગમે તે જાતના વેપાર આદિ માટે ધીરાય અને તેવાઓને તેવા વેપારાદિમાં પૈસાની વૃદ્ધિ થાય તે જોવાય, પરંતુ પોતાની સમાજને માટે કે તેના અંગભુતને તેની ઉન્નતિ ( વેપાર, કેળવણી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે કાર્યો માટે દેવદ્રવ્યનો વિનાશ ન થાય છતાં ) ન અપાય, ન ધીરાય, ન વ્યય થાય અને તેનું ગમે તે થાય તેવું જોવામાં અને તેમ કરવામાં પાપ નહિ એમ કહેવાય કે મનાય તેવા સમાજ માટે અને તેમના તેવા પ્રકારના દ્રવ્ય વ્યય માટે અને તેવી તેની પ્રવૃત્તિ માટે ( મતલબ કે જૈનેતરના લાભ માટે તેનો વ્યય થાય અને તેવા દ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ થાય તે છતાં તેવા દેવદ્રવ્યાદિ જેવા કોઇ પણ દ્રવ્યનો પોતાના સમાજના મનુષ્યની ઉન્નતિ માટે ઉપયોગ થાય તેમાં દોષ છે આવું જે સમાજમાં મનાતું હોય ) તે સમાજને અન્ય બુદ્ધિશાળી મનુષ્યો, જડબુદ્ધિવાળા કે સમાજને અવનતિએ ધકેલનારા તે છે તેમ માને તે બનવા જોગ છે, કદાચ કોઇ પણ કાળમાં કોઇ પણ કારણસર કોઇ પણ સ્થળે તેવી અટકાયત કરવામાં આવેલી હોય પરંતુ જ્યાં મૂળ વસ્તુ કાયમ રહેતી હોય તેનો નાશ ન થતો હોય તો શું તેવી પ્રવૃત્તિમાં ચતુર્વિધ સંઘ કે સમાજ તેમાં ફેરફાર નથી કરી શકતિ ? કરી શકે છે અને તેવા ફેરફાર કરવા માટેજ શાસ્ત્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ ધર્મની રાજનિતિ બતાવેલી છે.

અમો દરેક વિદ્વાન પૂજ્ય મુનિ મહારાજા અને જૈન બંધુઓને નમ્ર સુચના કરીએ છીએ કે દેવ દ્રવ્યાદિકનાં નાણાંનો જરાપણ નાશ ન થતાં તે મૂળ રકમ રહેતી હોય કે તેની વૃદ્ધિ થતી હોય તેવી સ્થિતીએ સમાજ ઉન્નતિ માટે કે તેની પ્રગતિ માટે તેનો વ્યય કે વહીવટ કરવામાં શું વાંધો આવે છે ? તે શસ્ત્રના આધારે શાસ્ત્રના દાખલાઓ ટાંકી અમોને લખી મોકલવા કૃપા કરશે કે જેથી તેમના અભિપ્રાય સાથે આ માસિકમાં પ્રગટ કરવામાં આવે; જેથી તેના માટે થતો ઉહાપોહ અને સમાજની દ્રષ્ટિએ ચડેલા આ પ્રશ્નનું નિરાકરણ થઇ જાય. આ વિષય માટે અનેક પ્રસંગોએ અનેક તરેહની ચર્ચાઓ સમાજમાં થાય છે, દરમ્યાન હાલમાં જાન્યુવારી માસમાં મુંબઈ માંગરોળ જૈન સભામાં રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે પંડિત બેચરદાસ જીવરાજે દેવદ્રવ્ય વગેરે સબંધમાં એક ભાષણ આપ્યું હતું કે જે ભાષણ અક્ષરસઃ નહિ પરંતુ રા બેચરદાસ પંડિતજીના કહેવા પ્રમાણે પોતે બોલેલા ભાષણના મુદ્દાઓ સચવાઈ રહ્યા છે તેવી રીતે તે ભાષણ જૈન રીવ્યુ માસિક અને જૈન પત્રમાં અનુક્રમે આવી ગયેલ છે. તે ભાષણમાં પંડિતજી બેચરદાસે જણાવ્યું છે કે—"દેવદ્રવ્ય શબ્દજ કંઇક અસબંદ્ધ અને વિચિત્ર છે, જૈનો જેને દેવદ્રવ્ય તરીકે સ્વીકારે છે, તે તેનાથી મુકત એવા પ્રભુનું શીરીતે સંભવી શકે ? આ કારણથી મૂળ જૈન આગમોમાં આ દેવ દ્રવ્ય શબ્દ છે કે કેમ ! તે તપાસવાનો મે નિશ્ચય કર્યો તેનો બારીક તપાસ કર્યા પછી મને જણાયુ કે આ દેવદ્રવ્યનો પ્રયોગ મૂળમાં કોઇજ ઠેકાણે નથી, પરંતુ આ શબ્દ તાંત્રિક યુગમાં આપણા કેટલાક સાધુઓએ દાખલ કીધો છે, વળી કેટલાક સાધુઓએ આ યુગમાં એવા સંસ્કૃત ગ્રંથો લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાખ્યા છે કે જેમાં દેવદ્રવ્ય વધારવામાં મહાપુણ્ય અને દેવદ્રવ્યને નુકશાન કરવામાં મહાપાપ જણાવવામાં આવ્યું છે માટે મારે ફરી જણાવવું જોઇએ કે મૂળ શાસ્ત્રમાં આ શબ્દ કોઇ ઠેકાણે નથી, ખરીવાત એ છે કે દેવદ્રવ્ય એ શાસ્ત્રના ટેકાવાળું દ્રવ્ય નથી આ દ્રવ્ય જૈન સંઘનું અને આ નાણા જૈન સમાજના ઉપયોગી કાર્યમાં ન વાપરી શકાય એવો શાસ્ત્ર તરફનો કોઇ પણ વાંધો આગમોમાં છે જ નહિ, આ દેવદ્રવ્ય શાસ્ત્ર વિરૂદ્ધ છે એમ છાતી ઠોકીને ખાત્રી પૂર્વક હું કહું છું, આ શબ્દ તાંત્રિક યુગમાં આપણા મુનિરાજાઓએ દાખલ કરેલ છે વગેરે–વગેરે !!!

આ ભાષણ કર્તા પંડિતજી બેચરદાસ સંસ્કૃત, પ્રાકૃત અને પાલીભાષાના અભ્યાસી તેમજ આગમોના પણ અભ્યાસી છે, અને તેઓ કહે છે કે મૂળમાં કોઇ ઠેકાણે દેવદ્રવ્યનો પ્રયોગ નથી, જો કે અમો આગમના અભ્યાસી નહી હોવાથી તેનો કાંઇ પણ ખુલાસો તે માટે આપી શકતા નથી, પરંતુ અહી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે દેવદ્રવ્ય એ જો મૂળ આગમમાં છે નહી તો તે શબ્દ આવ્યો કયાંથી? અથવા આપણે પંચાગીને માનનારા હોઇને તેમાં હોય તો એકલા મૂળ ઉપર શી રીતે આધાર રાખી શકીએ? કારણ કે શાસ્ત્રકારોએ તો પંચાગીને જ માનવાની આજ્ઞા કરેલી છે; તેમજ વળી આનંદઘનજી મહારાજ જેવા અધ્યાત્મી પુરૂષે તો ત્યાં સુધી કહ્યું છે કે:—

ચૂર્ણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવરે;
સમય પુરૂષનાં અંગ કહ્યાંએ, જે છેદે તે દુર્ભવરે.

એમ એકવીશમાં તિર્થંકર મહારાજના સ્તવનમાં કહ્યું છે. તો પંડિતજી બેચરદાસના કહેવા પ્રમાણે જો દેવદ્રવ્ય એ હકીકત મૂળમાંજ નથી, અને અમારા એક સભાસદની સાથે તેઓશ્રીને થયેલી વાત મુજબ તેઓ જ્યારે પંચાંગીને માને છે તો તે સિવાય ધારો કે કદાચ મૂળમાં ન હોય તો પંચાંગીમાં કે અન્ય ગ્રંથોમાં કયારે, કેવા સંજોગમાં અને કયા સમયમાં કેમ દાખલ થઇ? અને હવે તેમાં આ સમયને અનુકુળ ફેરફાર થઇ શકે કે કેમ? અથવા અમોએ ઉપર કહ્યું તેમ તે દ્રવ્યનો વિનાશ ન થાય અને મૂળ રહે કે તેની વૃદ્ધિ થાય તેવા સંયોગમાં તેનો ઉપયોગ સમાજની પ્રગતી માટે થઇ શકે કે કેમ? તેનો સત્તાવાર ખુલાસો આગમો અને તેની ટીકાઓના શ્લોકો સાથે વિદ્વાન મુનિ મહારાજાઓને તેમજ પં. બેહેચરદાસને બહારપાડવાની નમ્ર સૂચના કરીએ છીએ, કે જેથી તે બાબતમાં ઉપસ્થિત થએલ ચર્ચાનું સત્ય સ્વરૂપ જણાઇ આવે.

અમારા વિચાર પ્રમાણે દેવદ્રવ્ય એ સાત ક્ષેત્ર પૈકીના જિન ચૈત્ય અને જિન બિંબ એ બે ક્ષેત્રોના રક્ષણ, પૂજા, મરામત અને વ્યવસ્થા વગેરેના ખર્ચ માટે એકઠું કરવામાંઆવેલું તે બે ક્ષેત્ર નિમિત્તનું દ્રવ્ય તેજ જેને હાલ દેવદ્રવ્ય કહેવામાં આવે છે એમ માની, શકાય. તેમ છતાં જેમ જ્ઞાન નિમિત્તના દ્રવ્યને જ્ઞાન દ્રવ્ય કહે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવે છે તેમ આવી જાતના દ્રવ્યને ગમે તેવા સંજોગમાં–ગમે તે વખતે દેવ દ્રવ્ય એવું નામ આપવામાં આવેલું હશે, એમ અત્યારસુધી ચાલ્યો આવતો તેનો વહીવટ અને વૃદ્ધિ ઉપરથી માલુમ પડે છે.

બીજી હકીક્ત પંડિતજી બેચરદાસે તે ભાષણમાં એવી જણાવી છે કે "પર્યુષણપર્વમાં ચૌદ સુપન ઝુલાવવાનું અને ઘોડીઆ પારણું ઝુલાવવા વરઘોડા ચઢાવવા વગેરે નિમિત્તે દેવદ્રવ્ય ઉત્પન્ન કરાય છે અને પુણ્ય મનાય છે. આપણામાં પજુસણપર્વમાં એવો રીવાજ છે કે ચૌદ સુપના શ્રીમહાવીરના જન્મદીને ઉતારવાં હવે આ સ્વપના ઉતારવામાં એટલું બધું પુણ્ય મનાય છે કે લોકો કેટલાએક મણ ઘી તે માટે બોલે છે દરીઆના વેપારીઓ તેમજ સંતાનની અપેક્ષાવાળાઓ તે માટે ઘણા ભાગે પ્રભુનું પારણું આદિ સુપનો સ્વાર્થ માટે લે છે. હવે તમો જાણીને અજબ થશો, પણ મારે ખુલ્લા દીલથી અને શાસ્ત્રો અને આગમોના પુરાવાપરથી જણાવી દેવું જોઇએ કે આરૂઢી પુણ્યની નહિ પણ પાપની છે. વૈષ્ણવોમાં જેમ કૃષ્ણ જન્મ વખતે રીત ભાતો થાય છે. તેવી રીતે પ્રભુને વળી હીંચોળવાનું નાટક આપણામાં થાય અને સાધુઓ આવા પાપને ચલાવી લે અને શ્રાવકો આ મિથ્યાત્વ ક્રિયાને મહાપુણ્ય સમજે, એ બીના કેટલી બધી ત્રાસજનક છે, હવે આ ચૌદ સુપનાનું નાટક એ ફક્ત પાપક્રિયા છે પરંતુ દેવદ્રવ્ય વધે તે માટે આ નાટક મિથ્યાત્વ "છતાં આપણે ચાલુ રાખવું એવી જે દલીલ કેટલાક કરે છે ત્યારે તે દલીલ કરનારાઓ ઉપર મને દયા આવે છે વગેરે વગેરે."

અત્યારે તે બંને કાર્યો માટે થતી પ્રવૃત્તિ આપણે જ્યારે જોઇએ છીએ અને અનુભવીએ છીએ ત્યારે પંડિતજી બેચરદાસના કહેવા પ્રમાણે સ્વાર્થ, કલ્યાણ અને સંસારવૃદ્ધિના કાર્યો માટે ઘણે ભાગે થતી જોઇએ છીએ; કારણકે વહાણના દલાલો જેનો કે દરિયાની સાથે વેપારનો સંબંધ છે તેવા તેમજ લક્ષ્મીની અભિલાષાવાળા બંધુઓ વગેરે તેમને સંબંધ રાખતા સુપન અમુક ઘી બોલીને આપીને ઝુલાવતા નજરે જોઇએ છીએ. વળી નાના બાળકો પાસે સુપનને માળા પહેરાવવામાં આવે છે જેથી તેમાં માત્ર પોતાના સાંસારિક કાર્યની વૃદ્ધિ સિવાય બીજું દેખતા નથી. સિવાય ઘોડીઆ પારણું ઝુલાવનાર–ઘેર લઇ જનાર તેને માટે વરઘોડા ચડાવનાર તેવા બંધુની બાહ્ય પ્રવૃત્તિ જોઇએ છીએ, અથવા તે આપણો સંબંધી હોય અને તેને ખાસ પુછીયે છીયે તો ઘણે ભાગે માત્ર સંતતિ વગરના તેવા બંધુઓ તેની અભિલાષા માટે ઘોડીઆ પારણું ઝુલાવે છે–વગેરે કાર્ય કરે છે એટલે કે તે બંને કાર્યો પોતાના પુદ્‌ગલિક સુખ માટે સંસાર વૃદ્ધિ માટે થતા જાણે હોયની ? અને તેને માટેજ જાણે પૈસા અપાતા હોયની એમ તાત્વિક દ્રષ્ટિએ જોતાં આપણને તેમજ વીચારવંત પુરૂષ નેપંડિતજી બેચરદાસના કહેવા પ્રમાણે તે મિથ્યાત્વની વૃદ્ધિ માટે જ જાણે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતું ન હોય તેમ દેખાય છે. જો તેમજ હોય તો તેમાંથી ઉત્પન્ન થતું દ્રવ્ય કોઇ પણ ધાર્મિક ખાતામાં લઇ જવું તે ન્યાયપુરઃસર ન ગણાય, તો દેવદ્રવ્યમાં તો શી રીતે લઇ શકાય? આવી હકીકતો માટે પંડિત બેચરદાસ કહે છે કે "આગમોના પુરાવા ઉપરથી હું કહું છું કે આ રૂઢી પુણ્યની નહિ પરંતુ પાપની છે." વગેરે પંડિત બેચરદાસ તેમ કહે છે તેટલુંજ નહિ પરંતુ તે મીટીંગના પ્રમુખ રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ તે વિષયની પુષ્ટિમાં જણાવે છે કે "પંડિત બેચરદાસે આ વિષયને અચ્છિ રીતે ચર્ચો છે તેમાં શક નથી એમ કહેવા સાથે તેઓ વિશેષમાં એમ જણાવે છે "આ ક્રિયા અને રીવાજના સંબંધમાં મારે ઘણા સાધુઓ સાથે ચર્ચા થઇ છે અને ચર્ચા બાદ અમોને ખાત્રી થઇ છે કે આ રીવાજ લોકોત્તર મિથ્યાત્વ છે, પરંતુ ફક્ત દેવદ્રવ્ય વધે તે માટે આ રીવાજ ચાલુ રહ્યો છે." આમ જ્યારે તેઓ ખાત્રી કર્યા બાદ જણાવે છે તો જે કાર્યને લોકોત્તર મિથ્યાત્વ કહેવામાં આવે છે તેવો રીવાજ રા. મોતીચંદ કાપડીઆની સાથે જે મુનિમહારાજને ચર્ચા થઇ હોય તેવા મુનિ મહારાજાઓએ આવા ઉદાર, વિશાળ, સત્ય અને સર્વદર્શન શિરોમણી જૈન ધર્મમાં અત્યારસુધી કેમ ચલાવવા દીધો હશે? તેને માટે આપણને ખેદ થાય છે, તેમજ આવા લોકોત્તર મિથ્યાત્વના કાર્યમાંથી ઉત્પન્ન થયેલું દ્રવ્ય પણ તેને દેવદ્રવ્ય જેવા ઉત્તમ કે જેની વૃદ્ધિ પુણ્યબંધના હેતુ માટે થાય છે તેવા ઉત્તમ કાર્યમાં અત્યારસુધી કેમ લઇ જવા દેવામાં આવે છે? તેને માટે પણ આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. જે કાર્યનું મૂળ ધાર્મિક દ્રષ્ટિએ અસત્ય–મિથ્યાત્વ–અયોગ્ય હોય તો તેની ઉત્પત્તિ ધર્મના કાર્યમાં કેમ દાખલ કરી શકાય? જો આ કાર્ય લોકોત્તર મિથ્યાત્વ છે અને તેમાંથી ઉત્પન્ન થતું દ્રવ્ય ધર્મના કોઇ ખાતામાં લઇ જવું તે ધાર્મિક દ્રષ્ટિએ કોઇ પણ રીતે વ્યાજબી ગણાતું હોય તો, અમોને એક સ્વાલ ઉત્પન્ન થાય છે કે, એક મનુષ્ય કાંઇ પણ દ્રવ્ય કે દાગીનાની ચોરી કરી, કે કોઇનો વિશ્વાસઘાત કરીને લાવી તે દ્રવ્ય કોઇ ધાર્મિક ખાતામાં ખરચે તો તેનો પુણ્યબંધ થાય કે કેમ? સામાન્ય રીતે એમ માની શકાય છે અને શાસ્ત્રકાર મહારાજે પણ ફરમાન કરેલું છે કે મનુષ્યે પોતાના વ્યવહારમાં પણ ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું, તોપછી સમ્યકત્વ મૂળ જૈન ધર્મ તેમાં મિથ્યાત્વથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય કેમ લઇ જઇ શકાય?

રા૦ મોતીચંદ કાપડીઆએ આવી હકીકત જાણ્યા પછી તર્તજ સમાજની જાણ માટે બ્હાર મુકવાની જરૂર હતી; ગમે તેવા સંજોગને લઇને તેમ ન બન્યું પરંતુ આ વખતે ભાષણ દ્વારા જ્યારે તે બ્હાર મુકી જે યોગ્ય કર્યું છે, તો કયા કયા મુનિમહારાજાઓની સાથે તેમને ચર્ચા થઇ હતી? અથવા શું ચર્ચા થઇ હતી તે તેઓ બ્હાર મુકશે અથવા તે તે મુનિ મહારાજ બ્હાર મુકે તેવી તેઓ નમ્ર પ્રેરણા કરશે એવી સુચના કરીએ છીએ, કે જેથી તે બાબતમાં સમાજ અંધારામાં ન રહે. હવે

For Private And Personal Use Only

તે ગમે તેમ હો, પરંતુ આવા લોકોત્તર મિથ્યાત્વવાળા રીવાજો જેને કહેવામાં આવે છે તેમાંથી જે રકમ ઉત્પન્ન થાય છે તે દેવદ્રવ્યને બદલે ( જેમાં જૈન ચૈત્ય, અને જૈન પ્રતિમાને કશો પણ સંબંધ નથી) તો માત્ર સાધારણ દ્રવ્યમાં અથવા જૈનસમાજની ઉન્નતિ માટેના કોઇપણ કાર્યમાં તેની ઉપજ લઇ જવામાં આવે તો તે આ રીતે કે ધાર્મિક દૃષ્ટિએ ન્યાયથી જોતાં કોઈ રીતે શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધ કે અયોગ્ય હોય એમ માની શકાતું નથી. તેમ તેથી દેવદ્રવ્યની વૃદ્ધિને અટકાવી તેમ પણ ગણી શકાતું નથી, કે જે રીતનો ફેરફાર ચતુર્વિધ સંઘ દ્રવ્ય-ક્ષેત્ર, કાળ, ભાવ જોઇને કરી શકે છે. આવા આવા ફેરફારો સમાજ કરે તો દર વરસે ઘણી મોટી રકમ સમાજની ઉન્નતિ માટે ફાજલ પાડી શકાય. અને તેને લઈ શ્રાવકક્ષેત્રની ઉન્નતિના પણ ઘણા કાર્યો થઇ શકે. આ લેખ આટલેથીજ સમાપ્ત કરી, તેમાંથી ઉત્પન્ન થતા નીચેના પ્રશ્નોના ખુલાસા આપણા પૂજ્ય ધર્મગુરૂઓ અને વિદ્વાન્ ધર્મબંધુઓને આપવા, અને દરેક પેપરોમાં પ્રસિદ્ધ કરી જૈન સમાજને પોતાની ખરી સ્થિતિ અને કર્તવ્યનું આ બાબતમાં ભાન કરાવવા નમ્ર વિનંતિ કરીએ છીએ.

## પ્રશ્નો.

૧ દેવદ્રવ્યનો વિનાશ ન થતો હોય, તે રકમ મૂળ રહેતી હોય, અથવા તેની વૃદ્ધિ થતી હોય તેવા સંયોગોમાં તે દ્રવ્યનો ઉપયોગ જૈન સમાજની ઉન્નતિના કોઇ પણ કાર્યમાં થઇ શકે કે કેમ ?

૨ દેવદ્રવ્ય એ અમોએ અમારા વિચાર પ્રમાણે ઉપર કહ્યું તેમ સાત ક્ષેત્ર પૈકીનું જિન ચૈત્ય અને જિન પ્રતિમા નિમિત્તનું દ્રવ્ય-તે છે કે કોઇ બીજી જાતનું છે? અને તે પંડિતજી બેચરદાસના કહેવા પ્રમાણે મૂળમાં છે કે કેમ! અને તે મૂળમાં ન હોય છતાં પંચાંગી કે અન્ય માનનીય ગ્રંથોમાં કોઇ પણ સ્થળે છે તો તે મૂળમાં નહિ છતાં ત્યાં ક્યારે અને કેવા સંજોગમાં આવ્યું ? તેમજ જો પંચાગીમાં છે જેને કે આપણને શાસ્ત્રાજ્ઞા પ્રમાણે માનનારા છીએ તો મૂળ સિવાય પંચાગીમાં કોઈ પણ હકીકત આવી શક્તિ હશે ખરી કે ? અને જો શાસ્ત્ર આધારે તેમ પણ છે તો તે દેવદ્રવ્ય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ એ રાજનીતિ ગ્રહણ કરીને ચતુર્વિધ સંઘ આવા દેવદ્રવ્ય જેવા દ્રવ્યનો તેમાં ફેરફાર કે તેનો બીજી રીતે વ્યય કરી શકે છે કે કેમ ?

૩ સુપન ઝુલાવવા અને ઘોડીઆ પારણા વીગરે કાર્યો જેને કે આપણે ધાર્મીક કાર્યો માનીએ છીએ, તે રીવાજો રા૦ બેચરદાસ અને રા૦ મોતીચંદ કાપડીઆએ મુનિરાજો સાથે કરેલી ચર્ચા મુજબ તેમના કહેવા પ્રમાણે જો લોકોત્તર મિથ્યાત્વ છે તો તેમાંથી ઉત્પન્ન થયેલું દ્રવ્ય દેવદ્રવ્યમાં નહિ લઈ જતાં સાધારણ ખાતામાં કે સમાજ ઉન્નતિ માટેના કોઈ પણ કાર્યમાં થઇ

જતાં શાસ્ત્રનો શું બાધ આવે છે ? કેવટે જો તે લોકોત્તર મિથ્યાત્વવાળું કાર્ય હોય તો તે જૈન દર્શનમાં ચલાવી શકાય કે કેમ ?

ઉપર મુજબ આ લેખમાં આવેલ દરેક હકીકત બ્હાર મુકવાનું અને ચર્ચવાનો અમારો હેતુ ધર્મની મર્યાદા અને આજ્ઞામાં રહીને સત્યાસત્યની-યોગ્યાયોગ્યની પરિક્ષા કરી ( નહિ કે અંધશ્રદ્ધાથી ચાલે તેમ ચાલવા દેવું ) સમાજ ઉન્નતિ માટે જલદીથી યોગ્ય પગલાં ભરાય અને સમાજની થતી અવનતી અટકે તેજ છે.

---

# પ્રકીર્ણ.

**પ્રભુ પ્રાર્થના**—મનુષ્યનું હૃદય અરીસા સરખું છે. જે હમેશાં મલીન થયા કરે છે, તેને મલીનતા રહિત બનાવવાને આપણે નિરંતર પ્રભુની પ્રાર્થના કરવાની જરૂર છે. પ્રાર્થનાથી પ્રાપ્ત થતા આનંદને લઈને હૃદય જગતથી વધીમર વિમુખ બને છે. પ્રાર્થનારૂપી ચાવીથી સ્વર્ગ-મોક્ષ-રાજ્યના દ્વાર ઉઘાડી શકાય છે. પ્રાર્થના દ્વારા ન શીખી શકાય અથવા ન મેળવી શકાય એવી કોઇપણ વસ્તુ નથી. જો હૃદયમાં જગત પ્રતિ વિરક્તભાવ પ્રકટ થાય છે તો પ્રાર્થનાથી પરમાત્મમય થઇ શકાય છે, પરંતુ આપણે પરમાત્માને ખરા દિલથી ચાહીએ છીએ એટલા માટેજ આપણે પ્રાર્થના કરવી જોઇએ; નહિ કે આપણને તેના અથવા દુર્ગતિમાં પડવાની બ્હીક લાગે છે, અથવા તો આપણે કોઇ મહાન્ દિવ્ય પ્રસાદ કે સ્વર્ગપ્રાપ્તિની આશા અને અભિલાષા રાખીએ છીએ.

*　　*　　*　　*　　*

**ધર્મ**—જે ધર્મ તમને હસાવી શકતો નથી તે ધર્મથી શું લાભ છે ? જો તમે સઘળો સમય ઉદાસ અને ગમગીન રહો છો તો તમારા ધાર્મિક થવાથી શું લાભ છે ? જે ધર્મ મનુષ્યને આનંદી, સુખી, પ્રેમાળ અને દયાવંત નથી બનાવી શકતો તે ધર્મની શું ઉપયોગિતા છે ? જે ધર્મ તમને અધિક સુંદર અને વિનોદી બનાવી શકતો નથી અને જે ધર્મ તમને પ્રભુમય કરી શકતો નથી તે ધર્મના અનુયાયી થવામાં શું શ્રેય રહેલું છે ? જો તમે અન્ય લોકોને સહાયભૂત થવા પ્રેરાતા નથી તો તમારૂં ધાર્મિકત્વ નિષ્પ્રયોજન છે એમ ખાતરીપૂર્વક માનો.

*　　*　　*　　*　　*

**પ્રેમનું બળ**—પ્રેમ જીવનદાતા છે, તિરસ્કાર જીવનહર્તા છે. પ્રેમ માધુર્ય અને પવિત્રતાને પ્રસરાવે છે, તિરસ્કાર વાતાવરણમાં કટુતા ફેલાવે છે. પ્રેમ મનુષ્યને ઉર્ધ્વગામી બનાવે છે અને તિરસ્કારથી માણસ અધોગામી બને છે. પ્રેમ સ્વર્ગસોપાન છે, તિરસ્કાર નરકમાં પાડનાર છે. પ્રેમ ભ્રાતૃભાવનું બીજું નામ વિશેષ છે. દાન, દયા, સહનશીલતા, ક્ષમા અને ઉપકારને જન્મ આપનાર પ્રેમ છે. પ્રભુ પ્રેમસ્વરૂપ છે: અને તેથી આપણા હૃદયને પ્રેમમંદિર બનાવી સર્વ પ્રાણીઓને સરખી રીતે ચ્હાવાથીજ પરમાત્મા પ્રસન્ન રહે છે.

*　　*　　*　　*　　*

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જીંદગીની ચૌદ ભૂલો**—( ૧ ) આપણું પોતાનું સત્યાસત્યનું ધોરણ રજુ કરવા યત્ન કરવો અને પ્રત્યેક વ્યક્તિ તે કબુલ રાખે એવી આશા રાખવી તે, ( ૨ ) આપણા પોતાના ધોરણથી બીજાના સુખનું માપ કરવા યત્નશીલ થવું તે, ( ૩ ) આ જગતમાં વિચારોની એકતા–સમાનતાની આશા રાખવી તે, ( ૪ ) યુવાનીમાં અનુભવ અને ન્યાયબુદ્ધિની આશા રાખવી તે, ( ૫ ) સર્વ મનુષ્યોની પ્રકૃતિ સમાન ઘડવા પ્રયત્ન કરવો તે, ( ૬ ) નજીવી બાબતોમાં દુરાગ્રહી થવાની ટેવ, ( ૭ ) આપણા પોતાના કાર્યોમાં પૂર્ણતાનું ભાન, ( ૮ ) જેનો ઉપાય નથી એવી બાબતો માટે વ્યર્થ શોચ કરવો તે, ( ૯ ) જેને સાંત્વનની જરૂર હોય તેને આપણાથી બની શકે એમ હોય તો પણ સાંત્વન ન આપવું તે, ( ૧૦ ) બીજાની ભૂલો અને નિર્બળતા જોવા કરવાની ટેવ, ( ૧૧ ) જે કાર્યો આપણાથી ન બજાવી શકાય એવાં હોય તે સર્વ અસંભવિત અને અશક્ય છે એવી માન્યતા, ( ૧૨ ) આપણા સંકુચિત દૃષ્ટિબિંદુમાં જે આવી શકે તેમાંજ શ્રદ્ધા, ( ૧૩ ) જાણે કે સમય ચિરસ્થાયી છે એમ જીવન વ્યતીત કરવું તે, ( ૧૪ ) કોઇ બાહ્ય ગુણથી લોકોની પરીક્ષા કરવાની ટેવ.

ઉપરોક્ત ૧૪ ભૂલો મનુષ્યો પોતાના જીવનમાં સામાન્ય રીતે કરતા જણાય છે તેનાથી ઘણો અનર્થ થવા સંભવ છે; તેથી તે ભૂલોથી હમેશાં સાવચેત રહેવા અવિરત પ્રયત્નો કરવાની જરૂર છે.

* * * * *

**જગતનો એક મહાન કાયદો**—પ્રેમ માનવકુળનો અલૌકિક નિયમ છે, કોઇપણ માણસને ચ્હાઓ, કોઇને સાહાય્ય કરો, કોઇને ઉન્નતિશાળી કરો, કોઇને સુખી કરો, આજ તે અલૌકિક નિયમનું સ્વરૂપ છે.

માત્ર સ્વાર્થ સાધવામાં જીવન વ્યતીત ન કરો, સ્વાર્થને ભુલી જાઓ, અભિમાનને ત્યજી દો; તમારી આસપાસના મનુષ્યોના જીવનને પ્રકાશિત બનાવો, પ્રેમ આધ્યાત્મિક પ્રકાશ છે. તમારા આત્મ સૂર્યનો પ્રકાશ સર્વત્ર પ્રસારવા યત્નશીલ બનો. કેટલાક વખત આ જીવન આપણને કંટાળાભરેલું લાગે છે, તે વખતે એક પ્રોત્સાહક શબ્દ, અથવા એક સારૂં કાર્ય અતિશય મદદરૂપ થઇ પડે છે. જેમ પુષ્પોને ઝાકળ અને વરસાદની અપેક્ષા છે. તેમ આપણાં અંતઃકરણ અન્યની અનુકંપાની–સહાનુભૂતિની અપેક્ષા રાખે છે. વૃક્ષને સૂર્યના પ્રકાશમાંથી ખસેડી લ્યો, અને તરતજ તે કરમાઇ જશે–મૃતદશા પામશે, તેજ પ્રમાણે પ્રેમરહિત અંતઃકરણ કુંઠિત અને સંકુચિત બની જશે.

બાળકને પોષણ, આરામ અને વસ્ત્રની જેટલી જરૂર છે તેટલીજ તેને પ્રેમની જરૂર છે. જ્યારે શારીરિક વિકાસને અર્થે બાહ્ય આનંદની જરૂર છે ત્યારે આત્મિક વિકાસને અર્થે પ્રેમની જરૂર છે. દેશાભિમાન અને ભ્રાતૃભાવના બંધનથી પ્રેમ કુટુંબને, જ્ઞાતિને અને પ્રજાને સંયુક્ત રાખે છે. પ્રેમ સમાજનું જીવન, સમાજનો આત્મા છે. જગતનો પુનરૂદ્ધાર કરવાની શક્તિ પ્રેમમાં રહેલી છે.

પ્રભુ પ્રત્યે અને પ્રત્યેક મનુષ્ય પ્રત્યે પ્રેમભાવ એ ધર્મનો આત્મા છે. પ્રેમ વગરનો ધર્મ તે ધર્મનો નિર્જીવ આકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશ પ્રત્યે, સત્ય સિદ્ધાંત પ્રત્યે પ્રેમભાવ રાખવાથીજ સામાન્ય મનુષ્યોએ વીર તરીકે ખ્યાતિ સંપાદન કરી છે. પ્રેમ–શક્તિ સત્યનિષ્ટ માણસોને અજબ પ્રોત્સાહન આપે આપે છે. પ્રેમ–સૂર્ય સર્વ મહાન અને સારી વસ્તુઓને પ્રકાશિત કરે છે.

સંપૂર્ણ પ્રેમ એટલે સંપૂર્ણ નિઃસ્વાર્થીપણું. જે હૃદય પ્રેમથી ભરપૂર છે તેમાં લોભ રહી શકતો નથી. જે મનુષ્ય આખી માનવજાતિને ચાહે છે તે તેના પાડોશીઓની સાથે છળપ્રપંચથી વર્તી શકતો નથી.

શુદ્ધ પ્રેમનું સ્વરૂપ નહિ સમજનારા લોકો માત્ર પોતાની જાતનોજ વિચાર કરે છે અને બીજા લોકો તરફથી સ્વાર્પણની આશા રાખે છે. શુદ્ધ પ્રેમીજનો તો બીજા લોકોને સુખ આપવા ખાતર પોતાના સર્વસ્વનો ભોગ આપવા તૈયાર હોય છે. મનુષ્યજાતિના દેહમાં જ્યાંસુધી પ્રેમાત્માનું અવતરણ થશે નહિ ત્યાંસુધી પૃથ્વીપર શાંતિના આગમનની આશા વ્યર્થ છે.

# વર્તમાન સમાચાર

## વિકટ દેશમાં વિદ્યા પ્રચાર અને મારવાડ અભ્યુદય.

હાલમાં મારવાડ દેસમાં આવે ગોલવાડ પ્રાંતમાં કેલવણી પ્રચારની હીલચાલ ચાલે છે ત્યાં મુનિ **મહારાજશ્રી વલ્લભવિજયજી** સપરીવારના પધારવાથી તે પ્રાંતના લોકોનો વલણ કેલવણી પ્રચાર તરફ નવીજ થઇ છે. હાલ સુધી જે જે સમાચાર મળ્યા છે તે પુર્ણ ઉત્સાહ ને હર્ષ ભર્યા છે ફંડમાં રૂપીયા એકલાખ અને દસ હજાર લગભગ ભરાઇ ગયાના સમાચાર મળ્યા છે. તે કાર્યની શરૂઆત પૂજ્યપાદ મુની મહારાજ શ્રી **વલ્લભવિજયજી**ના સદ્ ઉપદેશથી થઇ છે. તેઓ શ્રી આવા સખત તાપના સમયમાં તેવા નીરજલ અને શુષ્ક પ્રદેશમાં ગ્રામાનુગ્રામ વીચરી અશિક્ષિત લોકોને સમ્યાનુસાર બોધ આપી તેઓના અભાવીત હૃદયો ઉપર કેલવણી પ્રચારના તેમજ શિક્ષાની અગત્યની સચોટ અસર કરી અથાગ ઉપકાર કરી રહ્યા છે બીજા દેશો કરતાં મારવાડનો વિહાર સ્વભાવિક કઠીણ તેમજ દુખરૂપ ગણાય છે, પણ જેને ધર્મરક્ષા માટે આ શરીરની દરકારજ નથી, તેવા મહાન ઉપકારી મહાત્માથીજ આવા ભગીરથ કાર્યો બની આવે છે અને તેમનાજ અસિમ પરિશ્રમથીજ આરંભ કરેલા કાર્યો લોકમાં આદર્શરૂપ થાય છે. મુંબાઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી અદ્વિતીય સંસ્થા તેજ મહાત્માના અગાધ પરિશ્રમનું ઉતમ પરીણામ છે. હાલમાં સાદરી ગામે ચાલુફંડમાં રૂપીયા નેવું હજાર આસરે ભરાઇ ગયા છે મહારાજ સાહેબ વૈસાખ સુદ ૨ ના રોજ સાદરીથી વીહાર કરી ધાણેરાવ–દેવસુરીમાં ચાલુ ફંડમાં પોતાના અતુલ્ય ઉપદેશથી સારો ઉમેરો કરાવી હાલ નાડલાઇ પધાર્યા છે તેઓશ્રીની સાથે દર મુકામે સાદરીના આગેવાન સદ્ગૃહસ્થોની હાજરીને લઇને ફંડમાં રકમો સારી ભરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## " ગુજરાતનું ગૌરવ અથવા વિમલમંત્રિનો વિજય. "

પ્રસિદ્ધ કર્તા જૈનપત્રની ઓફીસ ભાવનગર—લેખક જગજીવનદાસ માવજી કપાસી ચુડા, કીંમત રૂા. ૧—૮—૦

ઉપરોક્ત નામની ઐતિહાસિક નવલકથાની બુક જૈનપત્રની સને ૧૯૧૯ ની ભેટ તરીકે પ્રસિદ્ધ થયેલી છે જે અમોને ભેટ મળેલ છે. પ્રખ્યાત " ગુજરાતી " પત્ર દરવર્ષે જેમ ઐતિહાસિક બુક તેમના ગ્રાહકોને ભેટ આપે છે, તેમ આ વર્ષથી જૈન પત્રે કરેલી આ પદ્ધતિ ઇચ્છવા જોગ અને આવકારદાયક છે. જૈન ઐતિહાસિક ગ્રંથોની પ્રસિદ્ધિ એ ખાસ આવકારદાયક એટલા માટે છે કે પ્રાચીન સમયમાં થઇ ગયેલા જૈન વીર નરરત્નોના અત્યુત્તમ જીવન વૃતાંત જૈન સમાજના હૃદયોમાં જે સચોટ છાપ પાડે છે, તેવી છાપ અન્ય વાર્તાઓની બુકથી પડતી નથી. આ ઇતિહાસિક કથામાં ભીમ બાણાવળીના વખતનો એટલે કે અગીયારમી સદીનો ઇતિહાસ છે. જેમાં ખાસ કરી વીમળનામા એક અત્યુત્તમ શ્રાવક મંત્રી જેણે કે તે રાજ્યમાં અગત્યનો ભાગ બજાવ્યો છે, સાથે તેમની ધર્મ ઉપરની દૃઢ શ્રદ્ધા વગેરે જે સદ્ગુણો હતા તે અલૌકીક હતા તેનું રસ ભર્યું વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. આ સમયે જૈન ધર્મ અને જૈન સમાજ ઉન્નત સ્થિતિએ હતો. તે વખતે જૈનધર્મ અનુયાયીઓની તે વખતની જાહોજલાલી તેમનું ગૌરવ તેઓનામાં વીરોચિત જે સદ્ગુણો હતા અને રાજ્યમાં જે લાગવગ હતો તે સર્વ એવું હતું કે એ હૃદયસ્પર્શી વર્ણનો આ બુકમાં વાંચતાં વાંચનારના હૃદયમાં નવીન ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. વળી આવા પ્રાચીન સમયના ઐતિહાસિક ચરિત્રો વાંચતાં તે વખતની ઉન્નતિ સાથે વર્તમાન સમયની આપણી અવનતિની તુલના જ્યારે કરીએ છીએ ત્યારે આપણને ખેદ થાય છે. જૈન ધર્મનું અને તેના અનુયાયીઓની વીરતા અને ગૌરવનું જ્ઞાન કરાવવાને આવા જૈન ઐતિહાસિક કથાના ગ્રંથો ઉપયોગી છે જેથી તે પોતાના પત્રના ગ્રાહકો ભેટ આપવા માટે જૈન પત્રના અધિપતિએ જે પ્રયાસ કર્યો છે તે માટે તેમને ધન્યવાદ આપવા સાથે દરવર્ષે આ પદ્ધતિ શરૂ રાખશે તેમ સુચવીયે છીયે. આ ગ્રંથના લેખકે ગ્રંથની ભાષા સાદી અને સરલ વાપરી તે પણ યોગ્ય કર્યું છે તેટલુંજ નહીં પરંતુ આ ગ્રંથ લખવા માટે તેમણે આ ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવેલ અનેક ઐતિહાસિક ગ્રંથોનું મનન કરી તેનો આશ્રય લઇ આ ગ્રંથ લખેલ હોવાથી તેની સંકલના પણ યથાયોગ્ય બની છે. વળી લેખકે ખાસ ધ્યાન લખવામાં એ રાખ્યું છે કે જ્યારે અન્ય લેખકોએ ઇતિહાસિક નવલકથા લખતાં જૈનધર્મની અમુકઅંશે નિંદા કરી તેને અન્યાય આપ્યો છે, ત્યારે આ ગ્રંથના લેખકે આ ગ્રંથમાં અન્ય ધર્મો કે સમાજને તેવો સહેજ પણ અન્યાય કરેલો નથી એ ખુશી થવા જેવું છે. એકંદરે આ ગ્રંથ વાંચતા વાંચનારને આનંદ સાથે તે વખતના જૈન ધર્મની જાહોજલાલી, ગૌરવ વગેરેનું સારૂં ભાન થાય છે જેથી અમે સર્વ બંધુઓને આ ગ્રંથ વાંચવાની ભલામણ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે. )

૧. શ્રી દાનપ્રદીપ ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. શ્રી મહાવીરચરિત્ર ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. શ્રી વિમલનાથ ચરિત્ર ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. શ્રી ઉપદેશ સપ્તતિકા ( શ્રી સોમધર્મગણિ વિરચિત )

૫. શ્રી ધર્મપરિક્ષા ( અપૂર્વ કથાનક ગ્રંથ )

૬. સંબોધ સપ્તતિ શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે. દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી, કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી કૃત
## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારને જ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને તે ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ–અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન ગ્રંથકર્તા શ્રીમાને અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ખરો પરોપકાર—દ્રવ્યનો સદુપયોગ.

" જે મનુષ્ય આખી જીંદગી સુધી ધન કમાવામાં અને સંગ્રહવામાં જ પ્રવૃત્ત થયેલો હોય છે, અને જે બહુ તો માત્ર મરતી વખતે જ પરોપકારને વાસ્તે નાણાં કાઢે છે. તે મનુષ્યની જીંદગી ઉત્તમ તો ન જ કહી શકાય. હું મરતી વખતે સર્વ પરોપકારમાં ખર્ચીશ, એવા આશયથી મેં ધન એકઠું કર્યું હતું એવી તેની દલીલ વ્યાજબી ન ગણાય. મારા ફાટી ગયેલા જુના જોડા જે હવે મારા કામમાં આવે એવા નથી તે જો હું કોઇને આપું તો તેમાં કાંઈ ખાસ મહત્ત્વ ગણાય નહિ; પરંતુ જો હું એક નવા મજબૂત જોડા એવા મનુષ્યને આપું કે જેની પાસે ગરમીની રૂતુમાં જોડા નથી અને જે પોતાના કુટુંબનું પાલન-પોષણ કરવાને પોતાનાથી બનતું પ્રમાણિકપણે કરે છે તો તેજ ખરો પરોપકાર છે. વળી તે જોડાની સાથે જો હું તેને મારો પ્રેમ પણ આપું તો તેને બેવડી બક્ષીસ મળે છે, અને મને બમણી આશીષ મળે છે.

મનુષ્યે એકઠા કરેલા ધનનો સદુપયોગ કરવાનો સારામાં સારો માર્ગ એ છે કે તેણે પોતે જીવે ત્યાં સુધી દિનપ્રતિદિન પોતાનાથી બને તે રીતે બીજાના કલ્યાણાર્થે તેનો ઉપયોગ કરવો. આ પ્રમાણે તેનું જીવન વધારે ઉન્નત અને વિકાસવાળું થશે. એક સમય ભવિષ્યમાં એવો પણ આવશે કે જ્યારે મનુષ્યે પોતાની પાછળ પુષ્કળ ધન મૂકી જવું એ તેની એક પ્રકારની અપકીર્તિ લેખાશે. કહેવાનો ભાવાર્થ એ છે કે પરોપકારનાં કામ પોતાની ભવિષ્યની પ્રજાને સોંપી જવા કરતાં દરેક મનુષ્યે જીવતાં જ જાતે પોતાની મીલ્કતનો બને તેટલો સદુપયોગ કરવો જોઇએ.

આજકાલ મહેલમાં રહેનારા ઘણા પુરૂષો સામાન્ય ઝુંપડામાં રહેનાર પુરૂષ કરતાં પણ ખરા જીવનની ખુબીમાં ઘણા ગરીબ હોય છે. એવો પુરૂષ ભલે મહેલનો માલીક હોય અને મહેલમાં રહેતો હોય, છતાં તે મહેલ તે મનુષ્યને માટે તો અનાથાલય જેવો જ છે. જે ધન કેવળ એકઠું જ કરી રાખવામાં આવ્યું હોય છે અને જે કોઇના પણ કામમાં આવે તેમ હોતું નથી તેનો નાશ કરવામાં અને તેને વિખેરી નાંખવામાં તથા બીજા સારા ઉપયોગી આકારમાં લાવવામાં કુદરત ડહાપણથી જ ઉધાઇ અને કાટ વિગેરે સાધનોનો ઉપયોગ કરે છે. વળી એક એવો પણ નિયમ કુદરતમાં કામ કરી રહ્યો છે કે જેના પ્રભાવથી કેવળ સંચય કરનારની આનંદ ભોગવવાની શકિત બુઠ્ઠી થતી જાય છે અને ઉચ્ચ શક્તિઓ પણ નાશ પામતી જાય છે.

ઘણા પુરૂષો જુની વસ્તુઓને વળગી રહીને ઘણી ઉમદા અને સારી ચીજો મેળવવાને બે નશીબ રહે છે. તે જુની ચીજોને જો તેઓ વાપરે અથવા બીજાને આપે તો જ નવી ચીજોને માટે અવકાશ થાય છે. કેવળ સંચય કરવાથી તો કોઇને કોઇ પ્રકારની હાનિજ ઉદ્ભવે છે; અને સદુપયોગ કરવાથી નવું જીવન મળ્યાં કરે છે. "

"પ્રભુમય જીવન" માંથી.

For Private And Personal Use Only